CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૫
તા.૦૧-૧૦-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૩ સૂર્યાસ્ત : ૦૬:૨૮

તાપમાન
ડીસા ૩૮.૪
અમદાવાદ ૩૭.૮
ગાંધીનગર ૩૮.૦
વડોદરા ૩૬.૯
સુરત ૩૪.૩
નલિયા ૩૩.૨

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# જીએસટી : વેપારીઓને રિટર્ન ફાઈલિંગમાં રાહતની તૈયારી

## વેપારીઓને દર મહિનામાં રિટર્ન ફાઈલ કરવાના બદલે ૩ મહિનામાં રિટર્ન ફાઈલ કરવાની મહેતલ આપવાના મુદ્દા પર મોદી સરકારની સક્રિય વિચારણા

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના રિટર્ન ફાઈલિંગમાં વેપારીઓના એક મોટા વર્ગને રાહત આપવાની તૈયારીમાં છે. આ વેપારીઓને દર મહિનામાં રિટર્ન ફાઈલ કરવાના બદલે ત્રણ મહિનામાં રિટર્ન ફાઈલ કરવાની મહેતલ આપવાના મુદ્દે સક્રિય રીતે વિચારણા કરવામાં આવી રહી છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ મુદ્દા પર નાણાં મંત્રાલય દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આને અમલી કરવામાં થોડોક સમય લાગી શકે છે. કારણ કે પહેલા આ પ્રસ્તાવને લો કમિટી પાસે મોકલવામાં આવનાર છે. લોક કમિટી પાસેથી મંજુરી મળી ગયા બાદ આને જીએસટી કાઉન્સિલમાં મોકલી દેવામાં આવશે. જીએસટી કાઉન્સિલમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી અને રાજ્યોના નાણાંપ્રધાનો રહેલા છે. આ ઉપરાંત સરકાર ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્ન ઓવર ધરાવતા કારોબારી માટે સરળ જેવા ખુબ સરળ રિટર્ન ફાઈલિંગ સિસ્ટમના આઈડિયા પર વિચારણા કરી રહી છે. દર મહિને રિટર્ન ફાઈલ કરવાને લઈને વેપારીઓની કેટલીક ફરિયાદો રહી છે. તેમનુ કહેવુ છે કે આના કારણે તેમના પર બોજ વધી જશે. ત્રણ તબક્કાની આ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં એકબાજુ તેમનો ખર્ચ વધી જશે. બીજી બાજુ તેમના પર કામનો બોજ પણ વધી જશે.



આજે વિજયા દશમી નિમીત્તે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતે સુરક્ષાકર્મીઓ સાથે શસ્ત્ર પુજન કર્યું

## વિચાર વૈભવ...

### બાળક સવાલ પૂછે ત્યારે

૧૯ મી સદીનો વિખ્યાત અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગ જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે એક દિવસ એના પિતા કાંઈક વાંચતા હતા. "શું વાંચો છો, ડેડી?" નાના રોબર્ટે પૂછ્યું.

"આ'ઈલિયડ' પુસ્તકમાંથી ટ્રોયના ઘેરા વિશે વાંચું છું," પિતા બોલ્યા.

"ટ્રોય શું છે?" બાળકે ફરીથી પૂછ્યું.

બીજા કોઈ પિતાએ કહ્યું હોત કે ટ્રોય એક શહેરનું નામ છે અને પછી ઉમેર્યું હોત કે "જા હવે બહાર રમવા જા અને મને વાંચવા દે!"

પણ રોબર્ટના પિતાએ તો ઊભા થઈને ત્યાં દીવાનખાનામાં જ ટેબલ-ખુરશીઓને ગોઠવીને જાણે કે નાનું સરખું શહેર બનાવ્યું અને એક મોટી ખુરશી પર એ નાના છોકરાને બેસાડ્યો. "જો, હવે આ બધું ટ્રોય નગર છે અને તું તેનો રાજા પ્રાયમ છે... અને હા, આ રહી તારી સુંદર મજાની રાણી હેલન!" એટલું બોલીને પિતાએ રોબર્ટની પાળેલી બિલાડીને ઊંચકી. "અને બહાર પેલા જંગલી કૂતરાઓ છે ને - જે હંમેશાં તારી બિલાડીની પાછળ પડે છે? તે જ રાજા એગ્મેન અને રાજા મેનેલેઅસ, જેમણે હેલનનું હરણ કરી જવા ટ્રોય ઉપર ચડાઈ કરેલી."

આ પ્રમાણે પિતાએ નાના રોબર્ટને સરળ રીતે વાર્તા સમજાવી. પછી જ્યારે એ સાત- આઠ વરસનો થયો ત્યારે પિતાએ એને 'ઈલિયડ' પુસ્તક વાંચવા આપ્યું... અને થોડાં વરસો પછી રોબર્ટને મૂળ ગ્રીક ભાષામાં 'ઈલિયડ' વાંચતાં શીખવ્યું.

માતા- પિતા તરીકે આપણે હંમેશા બાળકોને કાંઈ ને કાંઈ શીખવતાં જ હોઈએ છીએ- પછી ભલે શીખવવાનો આપણો ઈરાદો ન પણ હોય. આપણે આપણાં બાળકોને લાડ કરીએ કે મારીએ, તેમની ચિંતા કરીએ કે ઉપેક્ષા કરીએ- દરેક વર્તન મારફત એમને કાંઈ ને કાંઈ શીખવીએ જ છીએ.

વત્સલા મહેતા

# રાહુલે જયાં પ્રવાસ કર્યો ત્યાં હવે મોદી જશે : ભરતસિંહ

## રાહુલ ગાંધીના પ્રવાસથી ભાજપ ગભરાઇ ગયું

ગાંધીનગર

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના તાજેતરના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની સફળતા અને લોકો દ્વારા તેમને મળેલા પ્રચંડ સમર્થનને જોઇને ભાજપ ગભરાઇ ગયું છે. એટલે જ તો, રાહુલ ગાંધીએ જયાં જયાં પ્રવાસ કર્યો ત્યાં હવે વડાપ્રધાન મોદી પ્રવાસ કરવાના છે. ભાજપની હતાશા અને ગભરાહટ એ વાત પરથી જ સ્પષ્ટ થઇ જાય છે કે, વડાપ્રધાન મોદીને બધુ છોડીને ગુજરાત દોડી આવવું પડે છે એમ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જન જનની વાત કરે છે, જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના મનની વાત કરે છે. રાહુલ લોકોના મનની વાત સમજવાનો પ્રયત્ન કરે છે ત્યારે મોદી પોતાના મનની વાત લોકોના ગળે ઉતારવાનો પ્રયાસ કરે છે.

# કેરળ અને બંગાળમાં જેહાદી તત્વો સક્રિય : મોહન ભાગવત

નાગપુર

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરમાં દશેરા રેલીને સંબોધતા આજે તમામ મુદ્દાઓ પર વાત કરી હતી. મોહન ભાગવતે કલમ ૩૭૦, કાશ્મીર અને રોહિંગ્યા શરણાર્થીઓના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. ભાગવતે કાશ્મીર ઉપરાંત સમાન નાગરિક ધારા, ડોકલામમાં ભારતની રણનીતિ અને કુશળતાની વાત પણ કરી હતી. સંઘ પ્રમુખે પોતાના ભાષણમાં મોદી સરકારની કામગીરીની પ્રશંસા પણ કરી હતી. ભ્રષ્ટાચારને રોકવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની પ્રશંસા કરી હતી. ભાગવતે કહ્યું હતું કે, તમામ સ્થળ ઉપર કામ થઈ રહ્યું છે.

# સુરતમાં જાણીતી બ્રાન્ડનો નકલી જૂતાનો જંગી જથ્થો જપ્ત

## ગાંધીનગર સી.આઈ.ડી.ક્રાઈમની ટીમે ૧,૭૩,૭૨,૫૦૦ રૂાનો મુદ્દામાલ કબ્જે કર્યો

પ્રતિનિધિ છાપી

ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમના ડીટેક્ટીવ પોલીસ ઈન્સપેક્ટર ડી.એમ.મિશ્રાએ બાતમી આધારે ટીમ સાથે સુરતની બે દુકાનોમાં આકસ્મિક દરોડો પાડ્યો હતો. જેમાં એડીદાસ અને નાઈક કંપનીના નકલી બૂટ (નંગ ૨૧૧૯), એડીદાસ, વરવટી, ટેરમીલ પેરિલ કંપનીના ચપ્પલ (નંગ ૫૧૨), નાઈક કંપનીના લોગોવાળા જૂતા પેક કરવા માટેના બોક્ષ (નંગ - ૯૦૪૧), સ્નેપડીલ, એમેઝોન, ક્લીક પાર્ટ અને મી - સુઝ કંપનીના પ્લાસ્ટીક બેગો (નંગ - ૧૦૦૦)



સુરેશ અગ્રવાલ

સાથે ઓન લાઈન વેચાણ માટેના ડેક સ્ટોપ કોમ્પ્યુટર સેટ (નંગ - ૧૧), લેપટોપ (નંગ- ૪) અને એપલ આઈફોન (નંગ- ૪) મળી કુલ રૂા.૧,૭૩,૭૨,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેથી જાણીતી બ્રાન્ડની કંપનીઓનો ઉપયોગ કરી કોપીરાઈટ ભંગ કરતા લેભાગુ વેપારીઓમાં સોપો પડી ગયો હતો. પોલીસે દુકાનના માલિકો અબ્દુલકાદીર તથા મીસ્ટર સુઝ નામની દુકાનના ભાગીદારોને "વોન્ટેડ" જાહેર કરી તેમની વિરૂધ્ધ સુરત શહેર પોલીસ મથકે ઈ.પી.કો.ક. ૪૨૦ અને કોપીરાઈટ એક્ટ ૧૫૫૭ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણીતી બ્રાન્ડના નામે વેચાતા જુતાનો

અનુસંધાન પાના નં.૬

## ગુજરાતને મેડીકલ ટુરિઝમનુ કેન્દ્ર બનાવાશે : મુખ્યપ્રધાન

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આયુર્વેદ નેચરોપથી અને યોગના સંયોજનથી ગુજરાતને મેડીકલ ટૂરિઝમ ક્ષેત્રે વિશ્વ આકર્ષણ બનાવવા નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૧૫૦૦ સદી પૂર્વેની આપણી પ્રાચીન રોગ નિવારણ-ઉપચાર પધ્ધતિનો વર્તમાન યુગમાં વ્યાપક પ્રસાર કરવો એ સમયની માંગ છે. ગુજરાતમાં આયુર્વેદની જે શ્રેષ્ઠતા પડેલી છે. તેને નેચરોપથી અને યોગ સાથે જોડીને વિશ્વભરના લોકો અહિં રોગ ઉપચાર ટ્રીટમેન્ટ માટે આવે તેવી સ્થિતી આપણે સર્જવી છે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાત્મા મંદિરમાં ગુજરાત આયુર્વેદ બોર્ડ અને સીસીઆઈએમ યોજીત નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭ને ખુલ્લી મુકી હતી.

# થરાદ પંથકમાં ત્રણ અકસ્માતઃ ૯ ને ઈજા

## વિવિધ માર્ગો પર વાહન અકસ્માતની ઘટનાઓમાં ઈજાગ્રસ્તોને ૧૦૮માં સારવાર માટે ખસેડાયા



વિષ્ણુ દવે

થરાદ

થરાદ પંથકમાં વિજયાદશમીના દિવસે વિવિધ માર્ગો પર વાહન અકસ્માતની ત્રણ ઘટનાઓમાં નવ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી.જે પૈકી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. થરાદ ધાનેરા રોડ પર વડગામડા ઘેસડા વચ્ચે શુક્રવારની વહેલી સવારના સુમારે એક મોટરસાયકલ અને જીપડાલા વચ્ચે એક અકસ્માતમાં લાધાભાઈ વસ્તાભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૨ને ડાબાપગે ફ્રેકચરની ઈજા થવા પામી હતી.આ અંગે જાણ કરાતાં થરાદ ૧૦૮ના ઈએમટી હિના સિપાઈ અને પાયલોટ ભરત માળીએ સારવાર માટે ખસેડાયા હતા. જયારે બીજી ઘટનામાં થરાદ વિશ્રામગૃહમાં રસોયા તરીકે ફરજ બજાવતા માવસરી ગામના પ્રવિણભાઈ નાગજી ભાઈ ત્રિવેદી ૫૦ વર્ષ પોતાની પત્ની શારદાબેન ત્રિવેદી ૪૫ વર્ષ સાથે રિક્ષામાં બેસીને માવસરી જઈ રહ્યા હતા.દરમ્યાન એક પીકઅપ જીપ ચાલકે ટક્કર મારતાં દંપતીને હાથે અને પગે ફ્રેક્ચર સહિતની ઈજાઓ થવા પામી હતી.જેમને શહેરની ગઢવી હોસ્પીટલમાં ખસેડાયા હતા.

જયારે શુક્રવારની સાંજે થરાદ ઢીમા રોડ પર ચુડમેર ગામના પાટીયા પાસેથી પિયાગો છકડો રિક્ષા ય્ન૦૮રૂ ૫૧૨૨ લઈને તાલુકાના નાનોલ ગામના રબારી શિવાભાઈ કરશનભાઈ જઈ રહ્યા હતા.જેમને ય્ન૮ફ ૪૮૧ નંબરના પીકઅપ ડાલા સાથે અકસ્માત થતાં તેમાં બેઠેલ છ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી.જે પૈકી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ બનાવની પોલીસ દફતરે કોઈ નોંધ થવા પામી ન હતી.

## સાર સમાચાર...

### રેલવેમાં ઝડપી સુધારા કરવા રાજ ઠાકરેનુ સરકારને સુચન

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં એલફિન્સ્ટન રેલવે સ્ટેશન પર ફુટ ઓવરબ્રિજ પર ભાગદોડની ઘટના બાદ આને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. આ મુદ્દે હવે રાજનીતિ પણ શરૂ કરવામાં આવી ચુકી છે. શિવ સેનાએ ગઈકાલે મોદી સરકારની અને ફડનવીસ સરકારની ઝાટકણી કાઢ્યાના એક દિવસ બાદ હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ સરકાર પર પ્રહારો કર્યા છે. રાજે કહ્યુ છે કે અમને પાકિસ્તાનજેવા દુશ્મન અથવા તો ત્રાસવાદીઓની જરૂર શુ છે ? એવુ લાગે છે કે લોકોની જાન લેવા માટે અમારી રેલવે પુરતી છે. રાજ ઠાકરેએ ચેતવણીના અંદાજમાં કહ્યુ છે કે જ્યાં સુધી મુંબઈના સ્થાનિક રેલવેના માળખામાં સુધારા કરાતા નથી ત્યાં સુધી અમે બુલેટ ટ્રેન માટે એક પથ્થર પણ મુકવાની મંજુરી સરકારને આપવા ઈચ્છુક નથી. ભાગદોડની ઘટના અંગે રાજે કઠોર વલણ અપનાવ્યુ છે. તેમણે કહ્યુ છે કે સ્ટેશનના પુલો પરથી ગેરકાયદે હોકરોને દુર કરવા માટે અમે એક સમય મર્યાદા આપીશુ. જો તે આ સમયમર્યાદામાં થશે નહી તો આને અમારી સ્તર પર જોવામાં આવનાર છે. તેમણે કહ્યુ હતુ કે પાંચમી ઓક્ટોબરના દિવસે ચર્ચગેટ પર પશ્ચિમ રેલવેના મુખ્ય હેડક્વાટર્સ ખાતે મોરચો યોજવામાં આવનાર છે.

# દીઓદર ખાતે કોંગ્રેસનું જનવેદના સંમેલન યોજાયું



અશોક શેઠ



## ગુજરાતમાં પંચાયતી રાજના પુરા અધિકારો કોંગ્રેસ સરકાર આપશે

તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર ખાતે આજરોજ રાજીવ ગાંધી પંચાયત રાજ સંગઠન ગુજરાત પ્રદેશ આયોજીત દીઓદર વિધાનસભા ક્ષેત્રનું વિશાળ સંમેલન કોટડા(દી.) મધ્યે ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી શ્રી દીપકભાઈ બાબરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

પધારેલા સૌ મહેમાનોનું શબ્દોથી સ્વાગત દીઓદર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ કરેલ.ત્યારબાદ રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશના પ્રદેશ મહામંત્રી ભરતસિંહજી વાઘેલાએ જણાવેલ કે અમારી એક ભુલના કારણે પ્રજા પીડાઈ રહી છે.પક્ષના કાર્યકરો ઉપર જુલમ ગુજારવામાં આવી રહ્યો છે.મુખ્યમંત્રી દ્વારા સહાય જાહેર થયાને એક માસ થવા આવ્યો છતાં હજુ ખેડુતોને સહાય મળી નથી.અમો કોંગ્રેસનો પંજો જે કોઈ લઈ આવશે તેને આ વખતે આ પંથકની પ્રજા ભવ્ય વિજય અપાવશે.તેમણે જણાવેલ કે હું સોગંધ પૂર્વક જણાવું છું કે જે કોઈ કોંગ્રેસનો પંજો લઈ આવશે તેને વિજયી બનાવીશું.

ઓલ ઈન્ડીયા કોંગ્રેસના જનરલ સેક્રેટરીશ્રી દિપકભાઈ બાબરીયાએ આ પ્રસંગે જણાવેલ કે ગુજરાતમાં અત્યારે પ્રજા પિસાઈ રહી છે.પ્રજાનું કોઈ સાંભળવા વાળુ નથી.કોંગ્રેસના ઉપાધ્યક્ષ શ્રી રાહુલજી આ પંથકમાં અવાર - નવાર આવી પ્રજાની પીડા જાણે છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ખેડૂત આપઘાત પ્રકરણમાં એક આરોપીની અટકાયત

## મૃતકના ભાગીદાર એવા ફોઈના દીકરાની ધરપકડ



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આદિનાથ નગર નજીક રહેતા રાજુભાઈ સૈની નામના ખેડૂતે પોતાની લાયસન્સવાળી રિવોલ્વરથી ગુરુવારે આપઘાત કરી લેતા આ પ્રકરણમાં પોલીસે તેમના ભાગીદાર એવા તેમના ફોઈના દીકરા ભાઈની ધરપકડ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે ડીસાના આદિનાથ નગર પાસે રહેતા ખેડુત રાજુભાઈ મહેશભાઈ સૈની ગુરુવારે પોતાના ઘરે પોતાની બાર બોર વાળી રાઈફલથી ગોળી મારી આપઘાત કરી લીધો હતો. પોલીસે તે સમયે અકસ્માતે મોત અન્વયે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે મૃતકના પત્ની ગિતાબેન રાજેન્દ્રભાઈ સૈનીએ પોતાના પતિને આપઘાત કરવા મજબૂર કરવા કરાયા હોવાની ફરિયાદ તેમના ભાગીદાર અને તેમની ફોઈના દીકરા રમેશભાઈ બંસીલાલ સૈની (રહે.બી.કે. ગેલેક્ષી,ડીસા) અને મૃતકના સગા બહેન પુષ્પાબેન રામપતભાઈ સૈની (રહે. બિકાનેર રાજ.) સામે નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.જેમાં પોલીસે રમેશભાઈ બંસીલાલ સૈનીની ધરપકડ કરી હતી.

આ પ્રકરણમાં નોકરાણીને ઈજા થઈ તે બાબતે પૂછતાં આ અંગે ડીસા ઉત્તર પોલીસ મથકના પીઆઈ કે.એસ. ચૌધરીએ જણાવ્યુ હતુ કે,

અનુસંધાન પાના નં.૬

CMYK

સૂર્યોદય - ૬.૩૩ સૂર્યાસ્ત - ૬.૨૮

## તિથિદર્શન

આસો સુદ-૧૧ રવિવાર ૨૦૭૩

૭ ગુ. | ૫ મં.લુ. શુ. | ૬ સુ.લ. | ૮ | ૪ રા. | ૯ | ૩ | ૧૦ કે. | ૧૨ | ૨ | ૧૧ | ૧

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :અગિયારસ રવિવાર નક્ષત્રઃ શ્રવણ રાત્રે ૮.૦૯ પછી ધનિષ્ઠા યોગ :સુકર્મા કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સવ્ય દક્ષિણયોયંત્ર વિશેષો નોપલભ્યલે**
**કરતત્ર ક્ષણમપ્યાર્યો વિદ્યમાન ગતિ ર્વસતે**
**કાચે મણિર્મણૌ કાચો યેષાં બુદ્ધિ પ્રવર્તતે**
**નતેષાં સનિધૌ ભૃત્યો નામ માત્રો અપિ તિષ્ઠતિ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'રાજનીતિ' ના બે શ્લોક છેઃ-

(૧) જે રાજા (મુખ્ય પ્રધાન- વડાપ્રધાન) પાસે ડાબા કે જમણાની વિશેષતા જોવામાં નથી આવતી ત્યાં, જેની કાર્યદક્ષતા- પ્રગતિ સારી છે એવો કયો શ્રેષ્ઠ અધિકારી- કર્મયોગી- સેવક એક ક્ષણ પણ ઊભો રહે? (૨) જે રાજા કાચમાં મણિ અને મણિમાં કાચ જોવા જેવી ઊલટી દૃષ્ટિ- બુદ્ધિ - સમજ ધરાવતો હોય તેની પાસે કોઈ પણ રાજસેવક કાયમને માટે ટકતો નથી. પોતાના ન્યાયી- તટસ્થ- કાયદાના પાલક નિષ્ઠાવાન અને નિર્ભય રીતે રૂબરૂ અને 'ફાઈલ' પર સાચી સલાહ આપનાર આજના નેતાઓને દીઠા ગમતા નથી અને તેમને 'સાઈટ પોસ્ટ' પર મોકલી દેવામાં આવે છે. ઘણું કરી આવા પ્રામાણિક અને નિષ્ઠાવાન 'સમય' અને સાહેબનો સ્વભાવ પારખી જાતે જ પોતાનો માર્ગ શોધી લેતા હોય છે. રાજાને આવા અધિકારી શોધતાં કે કદર કરતાં આવડતી નથી અને આવડત હોય છતાં કાયદા આડે કલમ ધરી મન માન્યું કરે કરાવે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગૃહવિવાદના ભોગ બનવું પડે. ગુપ્ત ચિંતા સતાવે.**
**વૃષભ : (બ.વ.ઉ.)કાર્યબોજમાં હળવાશ અનુભવાય. નવિન આયોજનોમાં સફળતા મળે.**
**મિથુન :(ક.છ.ઘ.) ધંધા-વ્યવસાયિક કામમાં લાભ રહે. આવકમાં વૃદ્ધિ થાય.**
**કર્ક : (ડ.હ.) માનસિક આનંદ-ઉત્સાહ વિશેષ રહે. નવિન મુલાકાત બર આવે.**
**સિંહ : (મ.ટ.) વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. ધારેલા કાર્યો પૂર્ણ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય.**
**તુલા : (ર.ત.) પરણેલાઓને સાસરા પક્ષ તરફથી લાભ થાય. યશ, માન, કીર્તિમાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) વિરોધીઓને પીછેહટ કરવી પડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ દોડા-દોડી રહે. નવું સાહસ ન કરવું હિતાવહ.**
**મકર : (ખ.જ.) માંગલિક કાર્યોનું આયોજન થાય. મિલન-મુલાકાતમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.) આકસ્મીક ધન લાભ થાય. વાણીચાતુર્યથી કામ સફળ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)વડીલ વર્ગ કે ઉપરી અધિકારી વર્ગથી લાભ મળે. નવિન યોજનાઓ પાર પડે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

જગતની થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ શ્રીમતી એની બેસન્ટની જન્મ્ જયંતિ છે. એમનો જન્મ તા. ૧-૧૦-૧૮૪૭ ના રોજ લંડનમાં થયો હતો. ૧૮૭૩માં નેશનલ સેકયુલર સોસાયટીમાં જોડાઈ દસ વર્ષ સુધી તનતોડ મહેનત કરી અને સડસડતાં વ્યાખ્યાનો તથા તીખી કલમ વડે ધાર્મિક પાખંડ સામે સંગ્રામ આદર્યો. પણ પછી થિયસોફિલકલ સોસાયટીના સ્થાપક મેડમ બ્લેવેટ્સ્કીનો પરિચય થતાં એમનું આખુ જીવન બદલાઈ ગયું અને જીવનના અંત સુધી તેમણે લોકસેવા કરી. એમનું અવસાન તા. ૧૩-૩-૧૯૩૩ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# કોંગ્રેસના શાસનમાં વ્યવસ્થાનો અભાવ ભાજપના શાસનમાં વિકાસ દેખાય છે

**થરાદમાં બક્ષીપંચ મોર્ચાના સંમેલનમાં ભાજપના કોંગ્રેસ પર પ્રહારો**


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદ માર્કેટયાર્ડ ખાતે શુક્રવારની સાંજે બક્ષીપંચ મોર્ચાના વિજયટંકાર સંમેલનમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા કૉંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં વ્યવસ્થાનો અભાવ હતો.જયારે ભાજપના ૨૨ વર્ષના શાસનમાં વિકાસ પ્રત્યક્ષ દેખાયછે તેમ પ્રહારો કરી થરાદ બેઠક પર કમળને જંગી બહુમતીથી ખિલવવાની હાકલ કરી હતી.

થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલની અધ્યક્ષતામાં માર્કટયાર્ડમાં શહેર અને તાલુકાના ભારતીય જનતાપાર્ટીનું બક્ષીપંચ મોર્ચાનું વિજયટંકાર સંમેલન યોજાયું હતું.જેમાં બક્ષીપંચ મોર્ચાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દિનેશભાઇ અનાવડીયા,જિલ્લા બક્ષીમોર્ચાના પ્રમુખ રમેશભાઇ દેલવાડીયા, તાલુકા સંઘના ચેરમેન જીવરાજકાકા, માર્કેટના વાઇસ ચેરમેન કરણસીહ દરબાર, ડીરેક્ટર અનાજી વાઘેલા તથા થરાદ બક્ષી મોર્ચાના પ્રમુખ કિશનલાલ પ્રજાપતિ, મહામંત્રી માંનાભાઇ પ્રજાપતિ, તાલુકા પ્રમુખ મકવાણા દાંનાજી કાળાજી, મહામંત્રી ગોવિંદભારથી ગૌસ્વામી, સુથાર શાંતીલાલ ધનાજી, તાલુકા ભાજપ પ્રમુખ રૂપસીભાઇ પટેલ, મહામંત્રી મેવાભાઇ ખટાણા, બનાસબેંકના ડીરેક્ટર શૈલેષભાઇ પટેલ, પુર્વ જીલ્લા કોષાધ્યક્ષ ઓખાભાઇ પટેલ, તાલુકા યુવા મહામંત્રી પરબત દેસાઇ, પુર્વ મંત્રી કાળાભાઇ પટેલ, માર્કેટના સેક્રેટરી ભેમજીભાઇ પટેલ સહિત અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દીનેશભાઇ અનાવડીયાએ નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે બક્ષીપંચ વર્ગની આવક મર્યાદા ૪.૩૦ લાખથી વધારીને ૬ લાખ અને વડાપ્રધાન બન્યા પછી ૮ લાખની કરી હોવાનું જણાવ્યું હતું.ધારાસભ્ય પરબતભાઇ પટેલે પણ કૉંગ્રેસના શાસનમાં વ્યવસ્થાનો અભાવ હતો તેમ કહી ભાજપના શાસનમાં વિકાસ પ્રત્યક્ષ દેખાયછે તેમ જણાવી સરકારીની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી આપી હતી ભાજપે તમામ સમાજની ચીંતા કરી હોવાનું જણાવી કમળ જંગી બહુમતિ થી જીતે અને એક પણ મત બીજે ન જાય તેવી મહેનત આજથી જ શરૂ કરી દેવાની હાકલ કરવામાં આવી હતી.આ પ્રસંગે ભાજપમાં જોડાનાર વજેગઢના લક્ષ્મણભાઇ દૈયા, વળાદરના ડે.સરપંચ વાઘાભાઇ રબારી,ચાંગડાના સેનાજી મોડાજી અને ડાયાજી દેસાઇ, મોરીલાના ગોવીંદભાઇ રબારી, સણધરના મેવાભાઇ દેસાઇ, થરાદોના અશોકભાઇ પ્રજાપતિ, મલુપુરના વશરામભાઇ તથા મસરૂભાઇ, ચુડમેરના સવદાસભાઇ દેસાઇ, ડોડગામના રાહાભાઇ રબારી તેમજ સેદલાના ચેલાભાઇ રબારીને ખેસ પહેરાવી આવકારવામાં આવ્યા હતા.

# સર્વાઈવલ ટેકનોલોજીમાં ગેસ ગળતરથી મૃત્યુ પામેલા કામદારોને મૃતદેહ ગેટ પર મુકી વળતરની માંગ



પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ સર્વાઈવલ ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં કામ કરતા કામદારનું સારવાર દરમિયાન મૃયુ થતા તેની લાશને લઈને કંપની ગેટ આગળ કંપની પાસે વળતરની માંગ કરી હતી. જો કે સોની દુરંદેશીને લઈને આખરે મામલો થાળે પડ્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસીમાં પ્લોટ નંબર ૯૧૧૦/૯૧૧૧/૧ માં આવેલી સર્વાઈવલ ટેકનોલોજી પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં ૨૯ મી સપ્ટેમ્બરે વહેલી સવારે ગેસ લાગતા કેટલાક કામદારોને અલગ - અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં જયાબેન મોદી હોસ્પિટલમાં દાખલ કરેલ અશોકસિંઘનું સારવાર દરમિયાન મોત થયું હતું.

જેનું પોસ્ટમોર્ટમ કરીને તેની લાશને સોંપવામાં આવી હતી. જેને લઈને અશોકસિંઘના નજીકના લોકો કંપનીના ગેટ ઉપર આવ્યા હતા. તેમને મરનારના કુંટુંબીજનોને કંપની તરફથી યોગ્ય વળતર મળે તેવી માંગ કરી હતી. જોકે કંપની તરફથી કોઈ વ્યક્તિ હાજર ન હતી. રજાને લઈને સરકારી અધિકારીઓમાં પણ કોઈનો સંપર્ક કરી ન શકાતા. જોકે આખરે કંપની સાથે સલાહ મસલતને અંતે યોગ્ય વળતરની માંગ સંતોષાતા લાશને અંતિમક્રિયા માટે લઈ જવાઈ હતી. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# પાલનપુર રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો


સંજય જોષી

પાલનપુર

આસુરી શક્તિઓ પર વિજયના પ્રતીક સમા "વિજયાદશમી પર્વ" ની પાલનપુરમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. દશેરા નિમિતે શહેરના રામલીલા મેદાન ખાતે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જય જયશ્રી રામના જયનાદ વચ્ચે ૬૦ ફુટ ઉંચા અહંકારી રાવણ અને તેના પુત્ર મેઘનાદ તથા ભાઈ કુંભકરણના પુતળાનું દહન કરાયું હતું. રાવણ દહન પુર્વે આતશબાજી કરવામાં આવી હતી. રાવણ દહનના કાર્યક્રમને નિહાળવા માટે ભારે જનમેદની ઉમટી પડી હતી. રાવણ દહન બાદ પાલનપુરીઓએ મનભરીને ફાફડા - જલેબીની લિજ્જત માણી હતી.

# થરા ખાતે રબારી સમાજના બોડીંગનું ખાતમુહુર્ત

**શિક્ષણ હશે તો જ સમાજ વિકાસ કરી શકશે અમૃત આલ (પ્રમુખ) : વડીલો અને યુવાનોએ શિક્ષણનું કામ ઉપાડી લેવુ જોઈએ બાબુભાઈ દેસાઈ**



પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે આવેલી દેસાઈ સમાજની બોડીંગ ખાતે પુનઃ જીણોધ્ધાર કરવા અને શૈક્ષણિક સંકુલના આધુનિક નિર્માણ કરવા નવીન સંકુલનું સંતો મહંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખાતમુહુર્ત કરાયુ હતું.

થરા ખાતે આવેલ રબારી સમાજની બોડીંગ ખાતે સમાજમાં શિક્ષણનો આધુનિક અને વધુ વિકાસ થાય તે માટે શિક્ષણ જરૂરી છે અને તેના ભાગરૂપે સંસ્થાના નવનિયુક્ત પ્રમુખ અને શિક્ષણ પ્રેમી અમૃતભાઈ આલ (રાજપુર) ની અધ્યક્ષતામાં અને કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં અને કનીરામબાપુ (દુધરેજ) તેમજ બળદેવગીરી બાપુ (વડવાળા) સહિત સંતો મહંતોની ઉપસ્થિતિમાં વિધિવત ખાતમુહર્ત કરાયું હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અમૃતભાઈ આલ અને બાબુભાઈ દેસાઈ એ જણાવ્યું હતુ કે સમાજમાં શિક્ષણ હશે તો જ સમાજનો વિકાસ થશે અને તેમાં યુવાનોએ આ કામ ઉપાડી લેવું પડશે. આ પ્રસંગે ઈશ્વરભાઈ દેસાઈ, અમૃતભાઈ દેસાઈ, રેવાભાઈ દેસાઈ, ગણેશભાઈ દેસાઈ, પાંચાભાઈ દેસાઈ, જાંમાભાઈ દેસાઈ જીવાભાઈ દેસાઈ સહિત રબારી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે વ્યાખ્યાન યોજાયું



દાંતીવાડા

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને "ડૉ.અંબાલાલ એસ.પટેલ મેમોરીયલ ટ્રસ્ટ" દ્વારા સંયુક્ત ઉપક્રમે ડૉ.અંબુભાઈ એસ.પટેલની સ્મૃતિમાં તા. ૨૮/૦૯/૨૦૧૭ ના રોજ ઓડીટોરીયમ ખાતે "સિલીકોન- એન ઈમર્જિંગ ન્યુટ્રીયન્ટ" અને ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ" વિષય પર આણંદ કૃષિ યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક અને જમીન વિજ્ઞાનના નિષ્ણાત ડૉ.બેચરભાઈ કે.પટેલના વ્યાખ્યાન રાખવામાં આવેલ. આ વ્યાખ્યાનમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને જરૂરી સંશોધન માહિતી આપવામાં આવેલ તેમજ ડૉ.પટેલે તેમના પ્રશ્નોનું સમાધાન કરી નિરાકરણ કરેલ. "ડૉ.અંબાલાલ એસ. પટેલ મેમોરીયલ ટ્રસ્ટ" ના પ્રમુખ ડૉ.પારૂલબેન પટેલ ડૉ.બી.કે.પટેલનું શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું. ડૉ.વસંતભાઈ આર. પટેલ, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ વાંચનપ્રિય, કર્મનિષ્ઠ અને પ્રામાણિક કૃષિ વૈજ્ઞાનિક ડૉ.અંબુભાઈ પટેલની જીવન ઝરમર જણાવેલ.

કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.(પ્રો.) અશોક એ. પટેલ તથા યુનિવર્સિટીના વૈજ્ઞાનિક, વિવિધ કોલેજના આચાર્યો, અધિકારીઓ અને કોલેજોના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાનમાં રસપૂર્વક ભાગ લીધેલ હતો.

# કમોડા સિંઘવાઈ માતાના મંદિરે પર ગજની ધજા ચઢાવાઈ


ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

ડીસા તાલુકાના આસેડા ગામેથી કમોડા ગામે માં સિંઘવાઈ માતાજીના મંદિરે આસેડા ગામના તમામ વાઘેલા પરિવારે માતાજીને બાવન ગજની ધજા ચડાવી હતી. તેમાં ડિ.જે.ના તાલે આસેડા ગામ અને કમોડા ગામ ભક્તિથી રંગાઈ ગયું હતું. તેમાં આસેડાના વાઘેલા દિનેશભાઈ તરફથી તમામ લોકોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. તેમાં આસેડા અને કમોડા ગામની તમામ શેરીએ ડી.જેના તાલે રંગાઈ ગયુ હતુ.

# કંબોઈ ખાતે માતાજીની પલ્લી નીકળી


સજ્જનસિંહ સોલંકી

કંબોઈ ખાતે માતાજીની નવરાત્રિ પુરી થતા નોમના દિવસે મા ભગવતી, મા ખોડીયાર અને બહુચર માની મંદિરથી ગામ પલ્લી નીકળી હતી. તેમાં ગામના તમામ ગ્રામજનોએ માતાજીની પલ્લીના દર્શન કર્યા હતા. આ માતાજીની પલ્લી પુરા ગામની પ્રદક્ષિણા બાદ નિજ મંદિરે પરત આવી હતી.

# વડગામ ખાતે આર.એસ.એસ.નું પથ સંચલન

તા.પ્રતિનિધિ વડગામ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વડગામ તાલુકા દ્વારા ગઈકાલે પથસંચલન યોજાયું હતું. જેમાં તાલુકાના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રા.શાળા બસસ્ટેન્ડ, બજાર ચોક અને ગામની શેરીઓમાં હિન્દુ પરિવારોએ પુષ્પવર્ષા કરી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયં સેવકોનું સ્વાગત કરાયું હતું.

# ભીલડીમાં રામ સેવા સમિતિ દ્વારા રાવણ દહન



ભીલડી

શ્રી રામ સેવા સમિતિ દ્વારા અનેક વિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

ગતરોજ વિજયાદશમી એટલે અસુરો ઉપર દેવી શક્તિનો વિજય એટલે વિજયા દશમી આ દિવસને દશેરા તરીકે ઉજવાય છે ભીલડી ગરબી ચોકમાં રામ સેવા સમિતિ દ્વારા રામ, સીતા, રાવણના પાત્રો ભજવી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી ને ભીલડીના રાજમાર્ગો પર ફરી હતી. બાદમાં, સાંજે ૭ કલાકે રાવણ દહન કરવામાં આવ્યુ હતું જેમાં વિશાળ સંખ્યામાં આજુબાજુના ગામડાઓમાંથી લોકો રાવણ દહન જોવા ઉમટી પડ્યા હતા.

# ડીસા ગાયત્રી શક્તિપીઠ પર નવરાત્રીની પૂર્ણાહૂતી પ્રસંગે નવકુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

**નવ દિવસ સુધી ગાયત્રી મંદિર રોશનીથી ઝળહળી ઉઠ્યુ**



ડીસા

ડીસા શહેર મધ્યે આવેલા ગાયત્રી શક્તિપીઠ પર વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી થતી રહે છે. ત્યારે આસો નવરાત્રીમાં ગાયત્રી શક્તિપીઠ પર ગાયત્રી પરિવાર દ્વારા ઘટ સ્થાપન કરી અનુષ્ઠાન માટેના વિશેષ સંકલ્પ કરી નવ દિવસ સુધી અનુષ્ઠાન કરવામાં આવે છે. ત્યારે નવરાત્રીની પૂર્ણાહૂતી પ્રસંગે અનુષ્ઠાન કરતા સાધકો માટે નવકુંડી મહાયજ્ઞમાં વિશેષ આહુતિઓ આપી નવરાત્રી અનુષ્ઠાનની પૂર્ણાહૂતી કરે છે. નવરાત્રી દરમિયાન ગાયત્રી મંદિરને રોશનીથી શણગારવા માં આવતા રાત્રી દરમિયાન ગાયત્રી મંદિર રોશનીથી ઝળહળી ઉઠે છે. ત્યારે વિજયાદશમીના રોજ નવરાત્રીની પૂર્ણાહૂતી પ્રસંગે નવકુંડી ગાયત્રી મહાયજ્ઞની સાથે અન્ય વિશેષ કાર્યક્રમોનું પણ આયોજન કર્યું છે જેથી સાધકોને મહાયજ્ઞમાં લાભ લેવા અનુરોધ છે.

# શિહોરી જોગણી માતાના મંદિરે હવન યોજાયો


વિજય સિલ્વા

તા.પ્રતિ. શિહોરી

શિહોરીમાં જય અંબે સો મીલમાં જોગણી માતાનું વર્ષો જુનું સ્થાનિક આવેલ છે. જ્યાં દર વર્ષે દશેરાના દિવસે પટેલ પરિવાર દ્વારા યજ્ઞ કરવામાં આવે છે. ગઈકાલે તા.૩૦-૯-૨૦૧૭ ના રોજ દશેરાના દિવસે જોગમાયાના સ્થાનકે નાનુભાઈ જોષીના આચાર્ય પદે હવન રાખવામાં આવેલ જેમાં જયરામભાઈ રાજગોર, નરસીંહભાઈ પટેલ, પ્રેમજીભાઈ પટેલ, સુરેશભાઈ તેમજ પટેલ પરિવાર ઉપસ્થિત રહેલ.

# કોમિયોએ ઉત્તર ભારતમાં ૨૦ દિવસની અંદર ૨૦,૦૦૦ હેંડસેટ વેંચ્યા

સ્માર્ટફોન શ્રેણીમાં સૌથી નવી કંપની,કોમિયોએ પોતાના લૉન્ચ બાદ બે અઠવાડિયામાં ૬૫૦૦૦ હેંડસેટ વેચીદીધા છે. ત્રણ સ્માર્ટફોન પી૧, એસ૧ અને સી૧ ઉત્તરભારતમાં દરેકઅગ્રણી રિટેલ ચેન તથા પ્રમુખ ઑનલાઈન પ્લેટફોર્મ્સ પર પસપ્ટેમ્બર, ૨૦૧૭ થી ઉપલ્ધ થઇ ગયા છે.ચીનના અગ્રણી ઓરિજનલ ડિવાઈસ નિર્માતા (ઓડીએણ)માંથી એક,ટૉપવાઈઝ કમ્યુનિકેશન દ્વારા નિર્મિત કોમિયો સ્માર્ટફોન ભારતીયગ્રાહકોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યા છે. પોતાનાનિર્માતાની વિરાસત અનુસાર નિર્મિત આ સ્માર્ટફોન મિડલેવલસેગમેન્ટ માટે છે, જે ભારતમાં સૌથી ઝડપથી વધતું સેગમેન્ટછે. આ કંપની ઈનોવેટિવ, ટેકનિકલ રીતે આધુનિક અને યૂઝર-ફ્રેન્ડલી ઉત્પાદન આપે છે.

# સફોલાલાઈફના સંસોધનમાં ભારતમાં હૃદયના સ્વાસ્થ્યની સમસ્યાઓ વિશે ખુલાસો

૭૫% થી વધુ ભારતીયો કહે છે કે 'સ્વાદિષ્ટ ભોજનની લાલસા૪;, 'કામકાજનો વધુ સમય;અને 'કામકાજનો તણાવ૪ઈ૩૯; તેમના હૃદયને તંદુરસ્ત રાખવામાં મુખ્ય અવરોધો છે.ભારતમાં વર્લ્ડ હાર્ટ ડે પ્રસંગે સફોલાલાઈફ દ્વારા સફોલાલાઈફ સ્ટડી ૨૦૧૭ રજૂ કરવામાં આવી,જેમાં ભારતીયો દ્વારા એક સ્વસ્થ હૃદય માટે તંદુરસ્ત જીવન જીવવાના માર્ગમાં આવી રહેલા મુખ્યઅવરોધોને દર્શાવવામાં આવ્યા છે. ભારતમાં હૃદયના આરોગ્ય માટેની જાગૃતિમાં વૃદ્ધિ થઇ રહીછે, પરંતુ હૃદયરોગના જોખમોના ભયજનક આંકડા હજુ પણ વધી રહ્યા છે. આ વખતે વિશ્વ હાર્ટડે પર સફોલા લાઈફ સ્ટડી ૨૦૧૭માં હકીકતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરતા એ જાણયું કે શામાટે લોકો, તેમના હૃદયના આરોગ્ય સુધારવા માટે પ્રયાસ નથી કરી શકતા જયારે તેઓતેના જોખમોને સારી રીતે જાણે છે.લોકો તેમનું ઈચ્છિત શારિરીક લક્ષ્ય હાંસલ કરવા અથવા તંદુરસ્ત દિનચર્યા જાળવવા માટે વારંવાર દૈનિક સમસ્યાઓનો સામનો કરે છે. સફોલાલાઈફ સ્ટડી ૨૦૧૭ નો હેતું હૃદય આરોગ્યના અવરોધોને સમજવાનો છે, જેથી હૃદયરોગનું જોખમ ધરાવતા લોકો સ્વસ્થ હૃદયનેઅનુકુળ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરી શકાય અને તેના સંબંધિત ટેવોને અનુસરવાનુંસુનિશ્ચિત કરી શકાય. આ અભ્યાસ દિલ્હી, મુંબઈ, લખનૌ, હૈદરાબાદ, ચેન્નાઈ અને કોલકતામાં ૧૩૦૬ લોકો પર કરવામાં આવ્યો છે.લોકોને તંદુરસ્ત હૃદય માટેના પ્રયાસોમાં શું મુશ્કેલીઓ આવે છે તે સમજવા માટે સફોલાલાઈફ એ સમગ્ર ભારતમાં એસી નિલ્સન સાથે એક સર્વે કરાવ્યા હતો. સર્વેમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોનું જોખમ ધરાવતા લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

# પાર્લે એગ્રોએ એપ્પી ફિઝ બિગ બોસ એડિશન પેક લોન્ચ કર્યા

**કન્ઝયુમર પ્રોમો ઓફર માટે પેટીએમ મોલ સાથે ભાગીદારી**




ભારતની અત્યંત લોકપ્રિય રિયાલિટી સિરીઝ બિગ બોસની ૧૧મી સીઝનનું પુનરાગમન થઈ ગયું છે ત્યારે ભારતની સૌથી વિશાળ બેવરેજ કંપની પાર્લે એગ્રોએ રોમાંચક કન્ઝયુમર પ્રમોશન લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જેમાં ૧૦ ભાગ્યશાળી વિજેતાને ખુદ સુપરસ્ટાર સલમાન ખાન સાથે મળવાનો મોકો મળશે. લાગલગાટ બીજા વર્ષ માટે શોની ટાઈટલ સ્પોન્સર પાર્લે એગ્રોએ ખાસ બિગ બોસ સીઝન ૧૧ માટે લોન્ચ કરવામાં આવેલી તેની સ્પેશિયલ એડિશન એપ્પી ફિઝ પેટ બોટલ્સ (૬૦૦ મિલિ) પણ રજૂ કરી છે. પ્રોમોના ભાગરૂપ પાર્લે એગ્રોએ પેટીએમ મોલસાથે જોડાણ કર્યું છે,

જેને લીધે ગ્રાહકોને દર મહિને પેટીએમ કેશમાંરૂ. ૧ લાખ સુધી અને દર સપ્તાહે રૂ. ૧૦,૦૦૦ પેટીએમ કેશ જીતવાનો અને ખાતરીદાયક ખાતરીદાયક રૂ. ૧૦૦ પેટીએમ મોલશોપિંગ કેશબેકનો મોકો પણ મળશે. આ ઓફર સ્પેશિયલ એડિશન બિગ બોસ- એપ્પી ફિઝ બોટલ પર રજૂ કરવામાં આવી છે અને ગ્રાહકો સાથે મજબૂત જોડાણ બનાવવાની ધારણા છે. આ ઓફર પેક પર ટોપ લેબલ થકી અમલ કરાશે, જેમાં ગ્રાહકોને ઈનામ મેળવવા માટે અજોડ કુપન કોડ રહેશે.અમે અગાઉ પણ બિગ બોસનો હિસ્સો રહ્યા છીએ અને પરિણામો ફળદ્રુપ છે, જેનાથી એપ્પી ફિઝની બજારમાં પહોંચ વધી છે અને સીઝનાલિટી પર મારક સાબિત થઈ છે.

# થરાદમાં શસ્ત્રપુજન કાર્યક્રમમાં સમાજ માટે કુરીવાજો અને શૈક્ષણિક ચિંતન

**શ્રી રાજપુત કરણીસેના આયોજીત શસ્ત્રપુજનમાં અગ્રણીઓની ઉપસ્થિતી : થરાદમાં ક્ષત્રિય દરબાર સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા સાથેનો કાર્યક્રમ યોજાયો**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં શ્રીરાજપુત કરણીસેના આયોજીત બનાસકાંઠા ક્ષત્રિય દરબાર સમાજના શસ્ત્રપુજન કાર્યક્રમમાં સમાજ માટે શિક્ષણ અને કુરીવાજોનું ચિંતન કરી સમાજને આર્થિક રીતે આગળ લાવવા માટે પણ ચિંતન કરવામાં આવ્યું હતું.તે પુર્વે શહેરના રાજમાર્ગો પર નિકળેલી રેલીનું અનેક સમાજો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

થરાદ ખાતે વિજયા દશમી નિમીત્તે કરણીસેનાના જિલ્લા પ્રમુખ અર્જુનસિંહ વાઘેલા અને તેમની ટીમ દ્વારા સમગ્ર બનાસકાંઠાના ક્ષત્રીય દરબાર (રાજપુત) સમાજનો શોભાયાત્રા સાથેના ભવ્ય શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના તમામ તાલુકાના દરબારો ગાડીઓ તથા મોટરસાયકલો પર કેશરીયા સાફા અને કેશરી ઝંડા સાથે બહોળી સંખ્યામાં જોડાયા હતા. શહેરના નાંણદેવી માતાજીના મંદીરથી મુખ્યબજાર રેફરલ હાઈવે ચાર રસ્તા માર્ગે નિકળેલી રેલીનું ઠેરઠેર થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલ તથા યુવામોર્ચા દ્વારા તથા મુસ્લિમ સમાજ, કોગ્રેસ કાર્યલય પાસે તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી, ઠાકોર સમાજના ગેનીબેન ઠાકોર,

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર પોલીસ હેડ ક્વાટર્સની નવરાત્રીએ મેદાન માર્યુ

**સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છ નવરાત્રી હરીફાઈ યોજાઈ**


સંજય જોષી

પાલનપુર

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તાજેતરમાં પાલનપુર ખાતે સ્વચ્છ નવરાત્રી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયકોની ટીમ દ્વારા પાલનપુરના તમામ વિસ્તારોના નવરાત્રી મંડળોની મુલાકાત લઈ વિસ્તારની સ્વચ્છતા, નવરાત્રી ચોકની સ્વચ્છતા તથા જે- તે વિસ્તારની સંખ્યા આધારિત વિવિધ પાસાઓ તપાસી પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર શહેરની પ્રથમ સ્વચ્છ નવરાત્રી હરીફાઈનો પુરસ્કાર પોલીસ હેડક્વાર્ટસને આપવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા અને બનાસકાંઠા સ્વચ્છ ભારત અભિયાનના એમ્બેસેડર ડૉ.સુરેન્દ્ર ગુપ્તા તથા શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળના શ્રી રંગ સ્વામીજી આયોજીત આ હરીફાઈમાં પ્રથમ પુરસ્કારમાં રૂા. ૫૧૦૦/- હેડ ક્વાર્ટસ, પાલનપુર તથા બીજો પુરસ્કાર શુકન ૧૨૧ સોસાયટીને રૂા. ૩૧૦૦/- તથા ત્રીજો પુરસ્કાર અક્ષતમ-૧ બંગ્લોઝને રૂા. ૨૧૦૦/- આપવામાં આવ્યો હતો.

આ પુરસ્કાર વિતરણ સમારોહમાં જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા તથા ડૉ. સુરેન્દ્ર ગુપ્તાના વરદ્ હસ્તે વિજેતા મંડળોના આયોજકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધાનેરા ખાતે રાજપૂત સમાજનું શસ્ત્રપુજન



પ્રતિનિધિ ધાનેરા

વિજયા દશમી પ્રવ નિમિતે ધાનેરા ખાતે રાજપૂત સમાજ ના આગેવાનો દવારા ભવ્ય બાઈક રેલી નું આયોજન કરી આશાપુરા માતા ના મંદિરે શત્ર પૂજન કરાયું હતું. આજના વિજયા દશમી પર્વ પર ધાનેરા તાલુકના ના રાજપૂત સમાજ ના આગેવાનો એ શક્તિ પ્રદર્શન કર્યું હતું .આજે વિશાલ સખ્યામાં યુવાનોની બાઈક રેલી એ ભવ્ય આકર્ષણ જમાવ્યું હતું .રાજપૂત સમાજ એ બલિદાન આપતો સમાજ છે. જયારે મહારાણા પ્રતાર્ના વંસજ ગણાતા આવા ભોમિયા રાજપૂત ના સમાજ ના આગેવો એ ધાનેરા ત્રણ રસ્તા થી મહારાણા પ્રતાપ ની પ્રતિમા સાથે એક સાથે ૨૦૦૦ જેટલા મોટરસાર્લ પર યુવાનો સજ્જ થઇ ધાનેરા ના જાહેર માર્ગો પર ફરી હતી

જયારે ધાનેરા માં આવેલ આશાપુરા માતા ના મંદિરે આ રેલી પહોંચ્યા બાદ રાજપૂત સમાજ ના આગેવાનો એ રાજપૂત સમાજ નું અંગ ગણાતા આવા શસ્ત્ર નું પૂજન કર્યું હતું. સાથે સમાજના આગેવાનો એ શિક્ષણ સેત્રે પણ સમાજ ને આગળ આવવા આહવાન કર્યું હતું.સાથે સમાજ ની એકતા અને શક્તિ પણ આ રેલી માં જોવા મળી હતી. સમાજના આગેવાન અને ધાનેરા નાયબ મામલદાર મોડશીહ રાજપૂત એ પણ સમાજના ઉથ્થાન માટે એક થવા હાકલ કરી હતી.

**દીઓદર ખાતે ઠાકોર સમાજના તેજસ્વી તારલાઓનો**

# સન્માન અને શસ્ત્ર પુજનનો કાર્યક્રમ યોજાયો



તાલુકા પ્રતિનિધિ દીઓદર

સંત શ્રી સદારામ યુવક મંડળ બનાસકાંઠા જીલ્લા પ્રેરીત અને દીઓદર તાલુકા આયોજીત ઠાકોર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન અને શસ્ત્ર પુજનનો કાર્યક્રમ રાજ્ય મંત્રીશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને તા.૩૦-૯-૨૦૧૭ના રોજ સવારે ૧૦ કલાકે દીઓદર ઠાકોર બોર્ડીંગ ખાતે યોજાયો હતો.જેમાં પ્રથમ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. આ સન્માન સમારોહમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓને શિલ્ડ બેગ અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે સંત સદારામ કેળવણી ટ્રસ્ટના મંત્રી - ભવાનજી ઠાકોર,ખેમાજી ઠાકોર,ઈશ્વરજી ઠાકોર સહીત ઠાકોર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.સંત શ્રી સદારામ યુવક મંડળ દીઓદર તાલુકા તથા ઠાકોર સમાજ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધાનેરા ગાયત્રી મંદિર ખાતે શસ્ત્ર પૂજન


એન.કે.મોદી

તાલુકા પ્રતિ.

ધાનેરા

ધાનેરા ગાયત્રી યુવક મંડળ દ્વારા છેલ્લા ૩૦ વર્ષ થી ગાયત્રી મંદિર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે.સાથે ભારતીય તહેવારોની પણ ખાસ ઉજવણી કરવામાં આવતી હોય છે.જયારે વિજયા દશમી નિમિતે શસ્ત્રપૂજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, જાણીતા તબીબ ડો એમ એસ અગ્રવાલ સેવાભાવી ડો બી.જી મોર.નગરપાલિકા પ્રમુખ આશાબેન પટેલ.ઉપ પ્રમુખ જગદીશ ભાઈ ઠક્કર સહિત ગામના આગેવાનો મોટા પ્રમાણમાં હજાર રહી શસ્ત્ર પૂજન કર્યું હતું.

સાથે ગત વર્ષે ગાયત્રી યુવક મંડળના સભ્ય જીતુભાઈ પટેલ કે જેમનું હૃદય હુમલા થી કરુણ મોત નિપજતા જીતુ ભાઈ પટેલને પણ પુષ્પજલી અર્પણ કરી શ્રધ્ધાંજલિ પાઠવાઈ હતી.

# કાંકરેજ તાલુકા થરા શહેર કોંગ્રેસ સમિતિમાં લીગલ સેલ ચેરમેન તથા મહામંત્રીની સર્વાનુમતે વરણી



તાલુકા પ્રતિ. થરા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના આદેશથી તેમજ જિલ્લા પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ તથા કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, થરા પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોરની ભલામણથી કાંકરેજ તાલુકા અનુસુચિત જાતિ વિભાગમાં વકીલ મુકેશકુમાર એમ. બુકોલીયા તથા થરા શહેર કોંગ્રેસ મહામંત્રી પદે બળવંતજી અનુપજી તેરવાડીયા (મિથુન) ની વરણી કરવામાં આવતાં અલ્પેશભાઈ સી. શેઠ(પ્રમુખ, થરા શહેર) જોગાજી વી. ઠાકોર (ઉપપ્રમુખ, થરા શહેર) જગાજી એ. ઠાકોર (કાર્યકર) ગણપતભાઈ પી.પુરોહિત (મહામંત્રી, તાલુકા) ટીનાજી બી.ઠાકોર (કાર્યકર) ઈકબાલભાઈ એન.મેમણ (મંત્રી, તાલુકા) રંગાજી ઓ. તેરવાડીયા (કાર્યકર) સુબાજી વી.ઠાકોર (કોર્પો, થરા પાલિકા), ટીનાજી જે.ઠાકોર (કાર્યકર) રાકેશભાઈ ધાણધારા (કોર્પો, થરા પાલિકા), પોપટભાઈ આર. રાવળ તથા કાંકરેજ તાલુકા થરા શહેર કોંગ્રેસના આગેવાનો કાર્યકરો તથા ચાહકોએ આ નિમણૂંકને આવકાર આપ્યો હતો.

# બ.કાં. જિલ્લા ભાજપ બક્ષી મોરચામાં નિમણુંક

તા.પ્રતિનિધિ વડગામ

ડીસાના વતની અને વડગામમાં શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલ મહેશભાઈ એમ. માળીને બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષી મોરચાની કારોબારીના સભ્ય તરીકે સ્થાન આપવામાં આવતા ડીસા વિધાનસભા વિસ્તારમાં સર્વત્ર આવકાર સાંપડી રહ્યા છે. તેવો વિધાનસભાની ચૂંટણીમાં સક્રિય થઈ ભાજપના ઉમેદવારને જંગી મતોથી જીતાડવા સંગઠનના કાર્યમાં પ્રવાસ કરી રહ્યા છે.

# અમીરગઢની ગર્લ્સ રેસિડેન્સી મોડેલ સ્કૂલમાં ગાંધીજીની વિચાર ધારાની સ્પર્ધા યોજાઇ


અરવિંદ ઠાકોર

પ્રતિનિધિ અમીરગઢ

૨ ઓક્ટોમ્બરે ગાંધી જયંતી હોવાથી આપણા ભારત દેશની દરેક શાળાઓમાં ગાંધીજીની વિચાર ધારા વિશે અલગ - અલગ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જ્યારે અમીરગઢ તાલુકાની ગર્લ્સ રેસિડેન્સી સ્કૂલ માં ગાંધીજી વિશે વિચારધારાની સ્પર્ધા યોજાઇ હતી. આ રેસિડેન્સી સ્કૂલમાં ગાંધીજીની વિચાર ધારાની સ્પર્ધામાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જેમાં જેથી ગામના રહેવાસી રોઈયા અંજલિબેન ગાંધીજી વિશે દેશની એકતા જાળવી રાખવી સહિત દેશમાં થતા અન્યાય ને રોકવા જેવા ગાંધીજી વિશે સ્પર્ધામાં અનેક પ્રકરના પોતાના વિચારો વ્યક્ત કરતા રેસિડેન્સી સ્કૂલના આચાર્યશ્રી સહિત શિક્ષકોએ ઈનામ પ્રોત્સાહન કર્યા હતાં.

# કોમી એકતા સમિતિના સભ્યની નિમણુંક

તા.પ્રતિનિધિ વડગામ

તાજેતરમાં જિલ્લા વહીવટ-ીતંત્ર દ્વારા કોમી એકતા સમિતીની રચના કરાઈ હતી. જેમાં બિનસરકારી સભ્ય તરીકે વડગામ ઈત્તર સમાજના યુવા કાર્યકર શતિષભાઈ જે. ભોજકની નિમણુંક કરવામાં આવતા સર્વત્ર આવકાર સાંપડી રહ્યો છે. વડગામ તાલુકામાંથી ભાજપ યુવા મોરચાના પૂર્વ મહામંત્રી શતિષભાઈ જે. ભોજકને જિલ્લા કોમી એકતા સમિતિના સભ્યની જવાબદારી સોંપાતા તેવો પક્ષના સંગઠનમાં પુનઃ સક્રિય થયા છે.

# કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપુત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

વિજયા દશમી નિમિત્તે કાંકરેજ અને દિયોદર રાજપુત જાગીરદાર સમાજ દ્વારા રાજપુતોની ગુરુગાદી એવા દેવદરબાર ઓગડજી મહારાજની થળી ખાતે શસ્ત્રપુજનનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઓગડજી મહારાજ થળીના મહંત શ્રી બળદેવનાથજી મહારાજના હસ્તે શુભ સમયે શાસ્ત્રોનું પુજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિયોદર અને કાંકરેજ તાલુકાના મોટી સંખ્યામાં યુવાનો વડીલો માથે કેસરી સાફા બાંધી ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા પોલીસે નાસતો ફરતો રીઢો ગુનેગાર ઝડપ્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજર સાહેબનાઓની સુચના તથા યુ.આર. પટેલ નાયબ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ થરાદનાઓના માર્ગદર્શન મુજબ ધાનેરા પો.સ્ટે. વિસ્તારમાં થતી વાહન ચોરી તેમજ લુંટના ગુનાઓ અટકાવવા સારૂ સઘન વાહન ચેકીંગ દરમિયાન જી.એલ.ચૌધરી પોલીસ ઈન્સપેક્ટર ધાનેરાનાઓની બાતમી હકીકત રાહે સ્ટાફના માણસો ધનરાજભાઈ, ભેમજી ભાઈ ઈશ્વરભાઈ, વિજય સિંહ, અર્જુનસિંહ, દિલાવરખાન સાથે સી.સી. ટી.વી. કેમેરા પુલ પાસે ધાનેરા વાહન ચેકીંગ દરમિયાન આરોપી નરપતસિંહ ઉર્ફે નપીયો રામસિંહ રાઠોડ રહે.શિયા તા.ધાનેરાવાળાને ધાનેરા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૭૦/૨૦૧૭ ઈ.પી.કો.કલમ ૩૭૯ ના કામે મુદ્દામાલ સાથે પકડેલ છે. જેથી પુછપરછમાં ધાનેરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.

અનુસંધાન પાના નં.૬

# ઈકબાલગઢમાં ફૂટવેરની દુકાનમાં ચોરી



ઈકબાલગઢમાં હારૂનભાઈ મેમણની ફૂટવેરની દુકાનને રાતના સુમારે નિશાન બનાવી ત્રાટકેલા અજાણ્યા તસ્કરો બુટ - ચંપલની ૧૫ થી ૨૦ જોડી ચોરીને ફરાર થઈ ગયા હતા. તેથી વ્યાપારીઓમાં ફફડાટ ફેલાયો છે. (અરવિંદ ઠાકોર)

# ડીસા શહેરમાં પોલીસ દ્વારા શસ્ત્ર પૂજન કરાયું


ભરત સુંદેશા

ડીસા

આસો સુદ દસમ એટલે કે વિજયા દશમી પર્વની ઠેરઠેર ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.ફાફડા જલેબીના નાસ્તા તેમજ શસ્ત્ર પૂજન અને નવા વાહનો ની ખરીદીમાં લોકો જોતરાયા હતા.ત્યારે દશેરા ના પાવન અવસરે ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્રોનું પુજન કરવામાં આવે છે. ત્યારે ડીસા શહેર પોલીસ દ્વારા પણ શસ્ત્ર પુજનનુ આયોજ કરવામાં આવ્યુ હતુ. ડીસા શહેર પોલીસ દ્વારા શહેરના ઉત્તર પોલીસ મથક ખાતે શસ્ત્ર પુજન કરવામાં આવ્યુ હતુ. પી.આઈ કે.એસ.ચૌધરી તેમજ પી.એસ. આઈ પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહીને શસ્ત્ર પૂજન કર્યું હતુ.

# ડીસા તાલુકા એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ પદે વરણી

ડીસા

ડીસા સર્કીટ હાઉસ ખાતે તાલુકા કોંગ્રેસના પ્રમુખ પી.વી. રાજગોર અને શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મંત્રી સંજયભાઈ ગોવાભાઈ દેસાઈ તથા તાલુકા કાર્યકારી પ્રમુખ મુકેશભાઈ સોલંકીની હાજરીમાં ડીસા તાલુકા એન.એસ. યુ.આઈ. ની બોડીની રચના કરી જેમાં હાર્દિક પરેશભાઈ માળીની એન.એસ. યુ.આઈ. ડીસા તાલુકા પ્રમુખ પદે નિમણુક કરાઈ.

તેમજ એ.બી.વી.પી. યુથના હોદ્દેદારો બહોળી સંખ્યામાં કોંગ્રેસના યુથમાં અને એન.એસ. યુ.આઈ. માં જોડાયેલા રસાણા દિપકભાઈ દેસાઈ, ચૌધરી પ્રગ્નેશભાઈ, ચૌધરી સુમિનભાઈ અને બીજા એ.બી.વી.પી.ના ૧૦૦ થી વધુ યુવાનો એન.એસ. યુ.આઈ અને કોંગ્રેસમાં જોડાયા હતા.

# ખીમાણામાં બનાસબેંકના ચેરમેનનું સન્માન



પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે ધી ખીમાણા વિભાગ નાગરિક શરાફી સહ મંડળીની મુલાકાતે આવેલ ચેરમેન એમ.એલ.ચૌધરીએ મંડળીના સ્વચ્છ વહીવટને બિરદાવેલ ત્યારે બનાસ બેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી તથા તેમના સાથી ડિરેકટરોનું મંડળીના ચેરમેન ખટાણા ઈશ્વરભાઈ જેઠાભાઈ, મેનેજર રાવલ બળદેવભાઈ નાનજીભાઈ, આ.મેનેજર સોલંકી વિષ્ણુભાઈ ભીખાભાઈ વગેરેએ મંડળીમાં સાલ ઓઢાડી સન્માન કરેલ અને મંડળીના હાજર સભ્યોને ચેરમેને મંડળીના વહીવટમાં સાથ સહકાર આપવા મંડળીની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવું માર્ગદર્શન આપેલ.

# જેનાલ ગામે મહાકાળી મંદિરમાં હવન યોજાયો


બી.ટી.દરબાર

ડીસા તાલુકાના જેનાલ ગામે ગતરોજ દશેરા નિમિત્તે મહાકાળી મંદિર ખાતે હવન(યજ્ઞ) કરીને દશેરાની આહુતિ આપવામાં આવી હતી અને દસ દિવસના કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરાઈ હતી.

# ધાનેરાના નીલકંઠ મંદિરમાં શિવભવનનું ખાતમુહૂર્ત થયું


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરાના નીલકંઠ મંદિરમાં શારદાપીઠ દ્વારીકા, ખંડ દેવાલ પ્રભારી તીર્થનાનંદજી બ્રહ્મચારીજી તથા પ્રાગજીબા પુરોહીત તેમજ પૂ.વેજપુરીજીની ઉપસ્થિતિમાં મંદિરમાં શિવભવનનું ગતરોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પૂજ્યશ્રીએ આશિષ આપેલ.

આ પ્રસંગે ધાનેરા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય જે.કે.પટેલ હાજર રહેલ અને ૧૦ થી ૧૨ લાખનું દાન-દાતાઓ જોડેથી અપાવ્યુ હતું.

અનુસંધાન પાના નં.૬


બી.ટી.દરબાર

ડીસા તાલુકાના વરણ ગામે દશેરા નિમિત્તે મહાકાળી મંદિરથી મહાકાળી માતાની મૂર્તિની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગામના યુવાનો સહિત સૌ કોઈ ડી.જે.ના તાલે ઝુમી ઉઠ્યા હતા. નવ દિવસ બાદ નવરાત્રિની દશેરાએ પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

**ધાનેરા ગાયત્રી મંદિર ખાતે સામાજિક સમરસતાના દર્શન**

# મહા આઠમ પર્વ નિમિત્તે વાલ્મીકી સમાજના ભકતોએ માની આરતી ઉતારી

તા.પ્રતિનિધિ ધાનેરા

નવરાત્રીમાં આઠમ પર્વ નું ખબુજ મહત્વ હોય છે. કહેવાય છે કે ભલે સૌ કોઈ દેશ પ્રદેશ માં હોય પણ આઠમ પર્વ પર માંને પડલી ભરવાનો અવસર કોઈ ચૂકતું નથી.

ગત રોજ ધાનેરાના હૃદય સમાન ગાયત્રી મંદિર ખાતે આઠમ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. મંદિરને ફૂલો અને રંગોળીથી શણગારવામાં આવ્યું હતું .સાથે ૧૦૮ દીવાની મહા આરતી.મહા પ્રસાદ સાથે અલગ અલગ ચડવા બોલવામાં આવ્યા હતા જેમાં માંતાજી ને હાર પહેરવાનો ચડાવો ચુંદડીનો ચડાવોકપૂર નો ચડાવો અને મહા આરતીનો ચડાવો બોલવામાં આવતો હોય છે અને વર્ષો થી ચાલી આવેલી પરંપરા પ્રમાણે આ ચડાવો લઈ ભકતો માનું સ્મરણ કરતા હોય છે.

જયારે આપણી નજીક અને સૌથી વધારે જો કોઈ સફાઈમાં આપણી મદદ કરતા હોય તો તે વાલ્મીકી સમાજ છે .જયારે ગત રોજ આ સમાજ ના લોકો ને હરખ સાથે ગાયત્રી મંદિરે આરતી માં સામેલ થવા આમંત્રણ પાઠવાયું હતું અને વાલ્મીકી સમાજના લોકો પણ મોટા પ્રમાણમાં આવી માંની આરતી ઉતારી હતી.

# દીઓદરમાં રૂા.૨૦ લાખના ખર્ચે સીટી બસ સ્ટેન્ડો બનશે

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગુજરાત સરકાર દ્વારા રૂર્બન વિસ્તારો અને તાલુકા કક્ષાએ જીવનની ગુણવત્તા સુધારવા અંગે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિભાગ દ્વારા રાજ્ય મંત્રી અને દીઓદરના ધારાસભ્ય કેશાજી ચૌહાણની ભલામણ અન્વયે દીઓદર શહેરમાં વિવિધ જગ્યાએ અંદાજે ત્રણ જેટલા સીટી બસ સ્ટેન્ડ એટલે કે ટ્રાન્સપોર્ટેશનની સુવિધાના કામો માટે રૂા.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

દીઓદર ગામે ટ્રાન્સ પોર્ટેશન સુવિધા માટે કરાયેલી રૂા.૨૧,૫૫, ૫૦૧ની દરખાસ્ત સામે રૂા.૨૦ લાખ મંજુર થવા પામેલ છે.જેના કારણે દીઓદર શહેરની જનતાને એક સુવિધાનો વધારો થવા પામશે.

આજરોજ રાજ્યમંત્રી શ્રી કેશાજી ચૌહાણ દ્વારા રૂા.૩૫.૧૮ લાખના ખર્ચે તૈયાર થનાર ચિત્રોડાથી ડોડાણાનો ૯૦૦ મીટર રોડ તથા રૂા.૧૭૬ લાખના ખર્ચે તૈયાર થનાર મોરાલથી જસરાનો રોડ તથા મોરાલ ગ્રામ પંચાયતના નવીન મકાનનું ખાત મૂર્હત પણ કરવામાં આવેલ.ત્યારબાદ તેઓ માણકી મધ્યે પશુપાલન ખાતા આયોજીત સારવાર અને માર્ગદર્શન શીબીરમાં હાજરી આપી લોકોને યોગ્ય સમય પશુપાલકોન માવજત ઉપર ધ્યાન રાખવા પશુ પાલકોને જણાવેલ.

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

પતીએ પત્નીને કહ્યું આજે તને પાંચ હજાર રૂપીયાવાળી સાડી અપાવવી છે.

પત્નીએ ખુશ થઈને કહ્યું, શું કહો છો ? ખરેખર ?

હા..હા. આ છાપામાં જાહેરાત છે કે પાંચ હજાર રૂપિયાવાળી સાડી એક હજાર રૂપિયામાં આપવાની છે.

ooo

ટીચર : બતાવ પપલુ , વાદળ કાળા શા માટે હોય છે ?

પપલુ : રોજ તાપમાં ફરે તો પછી કાળા જ પડી જાય ને !

oooo

## કેપ્સુલ

ગરબડલાલ અરીસા સામે ઉભા રહીને વિચારતા હતા, યાર આ માણસને કયાંય જોયો છે ? યાદ નથી આવતું કયાં જોયો છે ? એક કલાક પછી એમને યાદ આવ્યું ઓત્તારી આ તો એ જ છે કે જે મારી સામે બેસીને વાળ કપાવતો હતો.

oooo

મહેશ :ભારતપાસે સારા ફાસ્ટ બોલર કેમ નથી ?

જયેશ : નાનપણમાં બેટીંગ પતે એટલે ઘરે ભાગી જવાની પરંપરા છે એટલા માટે !

oooo

એક મચ્છર પરેશાન થઈ બેઠું હતું બીજાએ પુછયું, ભાઈ શું થયું તને ?

પહેલાએ કહ્યું યાર ગજબ વાત છે કે ઉંદર પકડવાના પાંજરામાં ઉંદર સાબુદાનીમાં સાબુ હોય છે પણ મચ્છરદાનીમાં માણસ સુવે છે.

oooo



# આપણા જેવું કોઈ નહીં ભૈ..

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

કેટલાક દ્રશ્યો તો સાચે જ જોવા જેવા હોય છે. અનુભવવા અંગે હું કહેતો નથી. આંખો ખુલ્લી રાખો. આજુબાજુ જુઓ આપણા મહાન દેશની કંઈ કેટલીય મહાનતા. એમ તો મારે કહેવું નથી કે ખટારાની પાછળ કે બસની પાછળ આપણે મહાન વાતો લખીને કેટલાય દેશો મહાન થઈ ગયા છે. એ અલગ વાત છે. પણ આપણે મહાન છીએ કે નથી છોડો એ વાત. જેમ અમદાવાદને હેરીટેજમાં મુકવા લાવવા માટે કેટલીક સાબીતી આપવી પડે છે. એ છોડો.. દેશનું પણ છોડો..બાકી અમદાવાદને મહાન બનાવનારા કંઈ કેટલા કિસ્સા છે ? એ જુઓ.. હમણાં મને જોવા મળ્યા. કદાચ તમારા શહેરમાં પણ આવા આવા કિસ્સાઓ જોવા મળ્યાના જેના લીધે આપણે મહાન બન્યા છીએ.

ગંદકીમાં, કચરામાં નિયમોના ઉલ્લંઘનમાં, વાતોમાં, અશિસ્તમાં અને ન જાણે કયા કયા બખડજંતરોમાં આપણે મહાન છીએ.એક તરફ આપણી વાતો અને મહાનતા.. એમાં પણ જયારે વરસાદ પડે છે ત્યારે તો દેશના ઘણા લોકોની જે દશા થાય છે એ જ બાબત સિદ્ધ કરી શકે છે કે આપણે માત્ર મહાન જ નહીં, મહાન નાથ મહાન છીએ, એક તરફ ભારે વરસાદ થયો હોય અને એસટી બસ જે પુલ પરથી જતી હોય એ પુલ ઉપરથી પાણી જતા હોય..અને પુલ આગળથી તુટી પડતા એસટીને કયાં લઈ જવી ? આગળ કે પછી વધવા માંડેલા પાણીમાં ? વિશ્વમાં મહાનતા છે તે રજુ કરતો આવો પ્રસંગ હોય તો બતાવો..આવું તો આવા ભાગ્યશાળી.. પરભવના પુણ્યશાળી દેશમાં જ બની શકે.જય હો ભારત નામે મહાન દેશની..

અરે સ્વચ્છતા..સ્વચ્છતાના જરૂર કરતાં વધારે ઢોલકાં ટીચાયા..અરે દેશના વડાપ્રધાને ખુદે જ હાથમાં લાંબુ ઝાડું ઝાલ્યું..અને શરૂ થઈ ગયા. કચરો વાળવા..સોરી સફાઈ અભિયાનનો આરંભ કરવા..જે દેશના વડાપ્રધાન ઝાડુ ઝાલે અને એસીમાં બેસીને અધિકારીઓ મહાન મહાન વાતો કરે એ ઠીક ન કહેવાય. અધિકારીઓ એસીમાંથી બહાર આવ્યા. શરમ છોડીને કચરો વાળવો શરૂ કર્યો અને જ્યાં સાફ હતું ત્યાં જ વાળે રાખ્યું.. ફોટા પાડયા, છાપે ચડયા મને એમ હતું કે વડાપ્રધાન અને અધિકારીઓએ સ્વચ્છતા માટે ઝાડું ઝાલ્યું છે. એટલે કચરો ગયો.. ગયો અને રસ્તા.. ગામ.. ગલીઓ ઘર નહીં.. એ એવા સ્વચ્છ થશે કે.. કે.. પણ શું ધુળ ચોખ્ખા થયા.. આજે એ જ કચરો.. અને એ જ ઉકરડો.. મહાન દેશની મહાનતામાં આ બાબતે ચાર ચાંદ લગાવ્યા છે.. ચોમાસામાં જો ઘરની બહાર પગ મુકો તો જાણ થાય કે કેવી ચોખ્ખાઈ થઈ છે અને દશા કેવી છે ? વર્ષોથી દેશમાં ગંદકી કચરો જેમનો તેમ છે.. તેથી મહાનતા થોડી ઓછી થાય છે ? એમ તો એક વાર પ્રમુખ સ્વામી મહારાજ, યોગી બાપા અને ખુદ ગાંધીજીએ ઝાડુ ઝાલ્યાં છે. પણ એ વખતે આપણે કયાં મહાન હતા ? આપણે તો છેલ્લા દસ વીસ વર્ષમાં મહાન થઈ ગયા છીએ અને આ મહાનતાની શી વાત કરવી ? જો કે કોઈને આ વિષયમાં પીએચડી કરવાનું મન થયાનું મને જાણ નથી..

દેશના રસ્તા ચોમાસા પછી એવા થઈ જાય છે કે એને રસ્તો કહેવો.. શોધવો કે ખાડા માર્ગ તરીકે ઓળખવો.. આહાહાહા.. રસ્તા પર એટલા બધા ખાડા પડે છે અને જો તમે વાહન પર બેઠા.. બેઠા.. પસાર થતા હોય તો લાગે કે તમે કોઈ બે ખુંધાળા ઉંટ ઉપર બેઠા છો.. વિશ્વના કયા દેશમાં આવા ખાડાવાળા રસ્તા છે એ બતાવો..

રસ્તાનું છોડી નદીઓ શુદ્ધ હોય તો બતાવો.. દેશભરની મોટી નાની નદીઓ કચરાના ઢગેઢગથી ગંદી બની છે અને એના શુધ્ધિકરણ માટે કંઈ કેટલાય ખર્ચ કરવામાં આવે છે. એનો નમુનો ગંગા નદી છે.. દેશની બધી નદીઓ અશુદ્ધ થઈ છે ત્યારે દેશનો એકે અધિકારી તગારૂ પાવડો લઈ નદીનું શુદ્ધિકરણ કરવા ગયો નથી કે એણે જાહેરાત કરી નથી હું એટલે હાથે..

અનુસંધાન પાના નં.૬ ઉપર

## કેવા ગ્રહો સંતાન આપતા નથી

પ્રજનન એ આ સૃષ્ટીનું ઉપરના જીવનનો પરમ હક છે એમ આપણા ૠષી મુનીઓનું માનવું છે. જેથી જ તો મહાપુરૂષોએ મંત્ર, તંત્ર, યંત્ર અને જયોતીષનું નિર્માણ કરેલ છે. પણ જો વિધિ વિધાન ન કરવામાં આવે અને સંતાન




હીન બનાવતા ગ્રહો જન્મ કુંડળીમાં હોય તો તેમને તેનું ફળ ભોગવવું પડતું હોય છે જે માટે ગીતામાં પણ કહ્યું છે કે મનુષ્ય પોતાના પુર્વ જન્મના કર્મો લઈને જન્મતો હોય છે અને તે કર્મમાંથી છુટવા માટે વ્યકિતએ, ચકલીઓને ચણ, શ્વાનને રોટલી, માછલીઓને લોટની ગોળી, કીડીઓને લોટને બાજરી નાખવી. જો ગાયોને ઘાસ નાખવી હોય તો તે અશકત ગાય કે ગૌશાળામાં ગાયની સેવા કરવી જોઈએ. સામાન્ય સેવા રસ્તાની ગાયોની ચાલે.

કેવા ગ્રહો સંતાન આપતા નથી ? પાંચમા ભાવમાં બે કે તેથી વધુ પાપગ્રહ હોય અને તેને શુભ ગ્રહ દેખતા ન હોય.

**દ્રષ્ટાંતકુંડળી:**

અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પાંચમા ભાવમાં જયાં બે નંબર લખ્યું છે તે સ્થાનમાં મંગળ, શની અને સૂર્ય રહેલ છે. તેને કોઈ શુભ ગ્રહો દેખતા નથી જેથી સંતાન થવું મુશ્કેલ હોય છે.

**ઉપાય :**

આવા યોગમાં મંગળ, શની અને સૂર્યની ખાસ વિધી વિધાન જાતે પણ કરી શકાય છે. તે ઉપરાંત બીજા ગ્રહો બાબતે પણ વિચારવું પડે છે અને તેના ઉપર કરવાથી સંતાન થતાં હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# લોકતંત્રના લોકનેતાઓની સંપત્તિ કયાં પહોંચશે ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અખબારના શબ્દો બમણી તમણી અને અઢળક એવા શબ્દો છાપે ત્યારે એ વાંચીને અમને અમારા માંહ્યલાને બમણો એટેક આવી જાય એવું પણ બનેછે. આ દેખકબીરા સનાતન સત્ય સ્વીકારવું પડશે.

એ સમયે હું એજી રીચર્સ કોલેજમાં જતો હતો. લગભગ ૧૯૭૫ થી ૧૯૮૦ ના દાયકાની વાત છે. મારી દૈનિક શૈલી મુજબ હું દર શનિવારે ભદ્રકાળીના દર્શને જતો. મારી બાજુમાં પણ એક ખાસ વ્યક્તિ જેને ગુજરાતના મુખ્યમંત્રીનો હોદ્દો મળેલો. એમારી બાજુમાં થઈ નીકળ્યા. મેં એક સવાલ કર્યો. સાહેબ આપ તો મુખ્યમંત્રી છો આપને પોલીસ પ્રોટેકશન ઉપરાંત સરકારી પ્રોટોકોલ પણ મળે છે આમ પગે ચાલીને કયાં સુધી મંદિર મહાદેવ જશો..? દેખકબીરા..

મારી વાત સાંભળી એ મુખ્યમંત્રી સાહેબ ખુબ હસવા લાગ્યા.'ભાઈ તમે ગાંડા થઈ ગયા હોય એવું લાગે છે. આ પદ કંઈ મારા વારસામાં નથી મળ્યું. અને રાજયની સંપત્તિનો આડેધડ ઉપયોગ કેમ કરાય ? હું સચિવાલયમાં સવારે દસથી સાંજના સાત ત્રીસ સુધી બેસીને તુમારોનો નિકાલ કરાઉં છું. બધા કર્મીઓ મારા ગયા પછી સચિવાલય છોડે છે. .મને રાજયની સંપત્તિમાં રસ નથી માત્ર લોકશાહીમાં લોકોનાં કામ થાય એ મહત્વનું છે. આટલું બોલીએ મુખ્યમંત્રી મહાશય ઘર તરફ વળતા થયા. હું યુનિવર્સિટી તરફ ઉપડયો..

દેખકબીરા..હું એ મંત્રીશ્રીનું નામ નથી જણાવતો. પણ સમજદાર કો ઈશારા નક્કી સમજી આગળ વધું છું. આ તો અધધ. સંપત્તિની ઝાકમઝોળ માટે રાજકારણીનો ભેખ ધારણ કરવો અને એ લોકતંત્રમાં પ્રજાને બેફામ લુંટી લખલુંટ સંપત્તિ એકત્ર કરવી એ આપણા રાજકારણીઓનો જન્મસિદ્ધ હક્ક છે. દેખકબીરા.. આ કારણ માટે તો આપણા પ્રધાનમંત્રી સાહેબને નોટબંધીનો આકરો નિર્ણય લેવો પડયો. એ નિર્ણયથી સમગ્ર દેશનું કાળું નાણું લગભગ ખાત્મો બોલાઈ ગયો એવું લાગ્યું.

નેતાઓ અને રાજકીય માણસોની સંપત્તિ સતત વધ્યા કરતી હોય અને એ પણ બે એકથાય વધે ત્યારે ન છુટકે કોર્ટ સરકારનું ધ્યાન દોરે.. સરકાર ઈન્કમટેક્ષની જીવાદોરી ઉપર જીવે અને લોકતંત્ર આવા નેતાઓના ઓફિસથી ઉપર કયાં સુધી જીવશે એ એક સૌના મનનો સવાલ છે.. વિચારવા જેવી વસ્તુ છે..

લોકતંત્ર આપણું લકવાના દર્દીની જેમ કલબતું રહે અને લોકનેતાઓની સંપત્તિ ભારતની વસતીની જેમ રાત દિવસ વધ્યા કરે એ એક બેહુદી બાબત છે. ગરીબી, બેકારી, મોંઘવારી અને નાણાંની સંગ્રાહખોરીમાંથી દેશને બચાવવા લોકનેતાઓની સંપત્તિની આકારણી પ્રજાની રૂબરૂ જાહેરમાં થાય પછી બાંહેધરીના કરાર કરનાર પ્રામાણિક નેતાને વિધાનસભા કે લોકસભાની ટીકીટ મળવી જોઈએ.

એક લોકનેતાએ મને એકસરસાઈઝના કામથી દિલ્હી બોલાવ્યો ત્યારે એની સંપત્તિ જોતાં મને બ્લડપ્રેશર વધી ગયું હતું. ચાર ચાર ફેકટરીના માલિક અને ચાર મોટા પ્લોટની માલિકી ઉપરાંત સવાસો કરોડનું રહેઠાણ એ એક મોટા ભૂતપૂર્વ સાંસદની સંપત્તિ છે. મને આગળ કંઈ રજુ કરવામાં ઈન્ટરેસ્ટ ન હશે. માત્ર મારી મહેનત અનુસાર મને વિઝિટ અને મટીરીયલ ખાતે રૂ.૩૫૦૦ આપ્યા. એ ઉપરાંત તેના ટેક્ષી ડ્રાઈવરે થ્રી સ્ટાર હોટલમાં લંચ અપાવ્યો. જેની કિંમત રૂ.૧૪૦૦ થતી હતી. આવા વૈભવી લોકનેતાને સલામ.. અને દેશની રાજધાની દિલ્હીને પણ સલામ..

લોકનેતાઓ બેનામી કુલ સંપત્તિમાંથી લગભગ ૨૫ ટકા સંપત્તિનો ટેક્ષ ભરે છે. બાકી પંચોતેર ટકા બેનામી સંપત્તિથી બચવા મોટા અધિકારી વર્ગનાં ખિસ્સાં ઠસોઠસ ભરી આપે છે અને રેડથી બચી જાય છે. આયકર ભવન ઉપર સંપુર્ણ જેનો દારો દમામ ચાલે છે એવા અધિકારીઓની મોટા ગજાના નેતાઓ સાથે મીલી ભગતહોય છે.આ મીલી ભગતથી અનેક નાના મોટા સોદા સગેવગે થતા હોય છે એ સત્ય છે.

સરકારે શરૂ કરેલા ગરીબ જનધન યોજનામાં તેમનાં નાણાં ભરીને તેઓ મોટી સંપત્તિના દાયરામાંથી છટકી પણ શકે છે અને બ્લેકમની વ્હાઈટ કરવાની દિશામાં દોડાદોડી કરી શકે છે. એ જ આ દેશનું લોકતંત્ર.. જેને બાય ધ પીપલ.. ઓફ ધ પીપલ.. ફોર ધ પીપલ.. નામથી ઓળખીએ છીએ..

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# પાયલે પરાક્રમ તો કર્યું પણ બે બાળકોને બચાવવા જતાં પોતાનો પ્રાણ ખોવો પડયો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

જમ્મુ અને કાશ્મીર એટલે ધરતી પરનું સ્વર્ગ એવું કહેવાય છે. આ પર્વતીય રાજયમાં છ પર્વતોની હારમાળાથી છવાયેલું છે. જેમ કે શિવાબિર, પર,પંજલ, હિમાલય, ઝુંન્સકર, લદ્દાખ અને કારાકોરમ. અહીં ત્રણ મોટી નદીઓ પણ વહે છે, સીંધુ, જેલમ અને ચિનાર જેવી અનેક પ્રશાખાઓ રાજયના જુદા જુદા ભાગમાં વહે છે. ઉંચા બરફાચ્છાદિત પહાડો, લીલીછમ્મ ખીણો, ખળખળ વહેતી નદીઓ અને ઝરણાં, અદ્દભૂત ધોધ અને મનોહારી સરોવરો, હરિયાળા મેવાનોના કુદરતી સૌંદર્યથી ભરપુર દ્રશ્યો અને એવા જ સુંદર, ભાવુક અને સ્નેહાળ લોકો અહીં વસે છે.

આ સૌંદર્યસભર પ્રદેશ પર અવારનવાર કુદરતી આફતો પણ આવતી હોય છે. બરફનાં તોફાન, ધોધમાર વરસાદ, વાદળો ફાટવાની ઘટના એ બધું અહીં અવારનવાર થતું હોય છે.તેમ છતાં જોમ અને જુસ્સાથી અનેક આફતોનો સામનો કરીને પણ આ પ્રદેશના લોકો કેસર, સફરજનની ખેતી કરે છે. અહીંના લોકોનો સૌથી મોટો જીવન વ્યવહારનો આધાર પ્રવાસીઓ છે. ઉનાળાની ૠતુમાં ધોમધખતા તડકો પડતો હોય અને ગરમી ત્રાહીમામ પોકારાવી દેતી હોય ત્યારે અહીંનું વાતાવરણ એકદમ ઠંડુ અને ખુશનુમા હોય છે. પણ કુદરતી આફતો કંઈ પુછીને આવતી નથી.

આ ઘટના ૧૨ મે, ૨૦૧૬ ના ઉનાળાની છે. જમ્મુ અને કાશમીરના રામબાણ જિલ્લામાં તે સમયે છેલ્લા કેટલાય દીવસથી વાતાવરણ એકદમ વાદળછાયું થઈ ગયું હતું. વહેલી સવારે કે સાંજે વરસાદના ઝાપટાં પડતાં હતાં. બપોરના સમયે ગરમી અને બફારો પણ ખુબ જ લાગતો હતો. જે આફતના એંધાત બતાવતો હતો. અચાનક કાળાં ઘનઘોર વાદળો ઉમટી આવ્યાં. ધોળે દિવસે પણ ત્રણ ચાર ફુટથી વધુ દુર જોઈ ન શકાય તેવો અંધકાર છવાઈ ગયો. ભારે વરસાદની આગાહીને ધ્યાને લેતાં શિક્ષકે બાળકોને શાળામાંથી રજા આપી દીધી હતી. દફતર ખભે ટીંગાડી બાળકો શાળાએથી ઘેર જવા નીકળી પડયા હતા. વાદળોના ગડગડાટ અને વીજળીના ચમકારા થવા લાગ્યા હતા. ધોધમાર વરસાદ તુટી પડયો.

ત્રણ બાળકો શાળાએથી ઘર તરફ જતાં હતા. નાનકડી માંડ પાંચ વર્ષની શૈફાલી અને તેનો ૧૪ વર્ષનો ભાઈ રાકેશ ઘર તરફ જતા હતા. તેમની બાજુમાં પાડોશમાં રહેતી પાયલ પણ તેમની સાથે જ હતી પણ તે જરા પાછળ પાછળ ચાલી આવતી હતી.

'પાયલ દીદી જલ્દી ચાલ જો વરસાદ વધી રહ્યો છે..' રાકેશે કહ્યું.

'હા પણ જોને આ મારા દફતરનો ભાર..'

લાવ હું ઉંચકાવું.. રાકેશે પુછયું..

ના..ના..

તો પછી જરા ઉતાવળ કર મને લાગે છે કે વાદળ ફાટશે.. જો વીજળીના ચમકારા કેવા થાય છે.. રાકેશે કહ્યું.

ભઈલા વાદળ ફાટે એટલે શું થાય ? નાનકડી શેફાલીએ પુછયું.

વાદળ ફાટે ત્યાં એક જ જગ્યાએ ખુબ બધો વરસાદ એકસામટો વરસી પડે.

તેમની વચ્ચે આ વાતચીત ચાલતી હતી ત્યાં વરસાદનું જોર વધ્યું.. ત્રણે બાળકો થોડી વાર એક મોટા ઘટાદાર ઝાડની નીચે ઉભાં રહી ગયાં. પણ ત્યાંથી પસાર થતા એક વટેમાર્ગુએ કહ્યું કે અહીં ઉભા રહેવું સલામત નથી. વાદળ ફાટયું છે તેથી વરસાદ હજુ વધવાની શકયતા છે. આ સાંભળી ત્રણે બાળકો ઘર તરફ ચાલી નીકળ્યા.. તેમના ઘેર જતા વચ્ચે એક મોટું નાળું આવતું હતું. નાળાં ઉપર લાકડાનો પુલ બનાવેલો હતો. તેના પર થઈને ત્રણે બાળકો રોજ અવર જવર કરતાં હતા.આ નાળાનું નામ ચકવા નાળું હતું. ચકવા નાળાની આસપાસના વિસ્તારમાં ચક્વાક પક્ષીઓ બહુ જોવા મળતા. તેથી આ વિસ્તારના લોકો અને પ્રવાસીઓ તેને ચકવા નાળાના નામે ઓળખતા હતા. અત્યારે પક્ષીઓ તો શું આવતા જતાં કોઈ માણસો પણ દેખાતાં ન હતાં.

ત્રણે બાળકો નાળાંની નજીક આવ્યાં. નાળામાં પાણીનો જોરદાર પ્રવાહ વહી રહ્યો હતો. નાળાનું પાણી વારંવાર ઉછળીને લાકડાના પુલ પર થપાટો મારી રહ્યું હતું. રાકેશ અને શેફાલી આગળ વધ્યા, પાયલ થોડીક પાછળ હતી. તેઓ લાકડાના પુલની મધ્યમાં પહોંચ્યા હતા. જોરદાર કડાકાનો અવાજ થયો. શું થઈ રહ્યું છે એ બાળકોને સમજાતું ન હતું પણ તેમના પગ નીચેથી પુલના લાકડાં સરકવા લાગ્યા હોય તેવું લાગ્યું. જ્યાં રાકેશ અને શૈફાલી હતા તે પુલનો ભાગ એકદમ તુટી પડયો.. તેમનાથી થોડે જ દુર રહેતી પાયલે પુલનો લાકડાનો કઠેડો પકડવાની કોશીશ કરી તેણે જોયું કે રાકેશ અને શેફાલી પાણીના પ્રવાહમાં તણાઈ રહ્યાં છે.. દીદી.. દીદી.. બચાવો.. શેફાલીએ ચીસ નાખી.

બચાવો.. બચાવો.. રાકેશ પણ બુમો પાડવા લાગ્યો.

પાયલે તરત દફતરને ફેંકી દીધું અને ધસમસતા પાણીના પ્રવાહમાં કુદી પડી. તેને તરતાં તો આવડતું હતું પણ આજ પાણીનો પ્રવાહ ખુબ જ તીવ્ર હતો.

તેની સામે ટકી રહેવું અને આગળ વધવું મુશ્કેલ હતુ. અહીં પાણી ૧૭ થી ૨૦ ફૂટ ઉંડુ હોય એમ લાગતુ હતું છતાં હિંમત હાર્યા વગર પાયલ આગળ વધી. તેણે શેફાલીને વાળથી પકડી લીધી અને પાણીપ્રવાહ સાથે તણાતાં તણાતાં જ્યાં નીકળાય ત્યાં કિનારા તરફ ખેંચવાનો પ્રયત્ન કરવા લાગી. પાણીનો પ્રવાહ ખુબ વધી રહ્યો હતો. વળી શેફાલીનો હાથ રાકેશે પકડી રાખેલો તેથી તે બંનેને ખેંચવા જતાં પાયલ પણ થાકી ગઈ.. અને તે પણ પાણીના તેજ પ્રવાહમાં તણાવા લાગી. અહીં તેમને બચાવનારૂં કોઈ ન હતુ. તેમની બચાવો..બચાવો ની ચીસો વનરાજી અને પહાડીની વચ્ચે દબાઈ ગઈ.

લશ્કરનીબચાવ ટુકડીને ખબર પડતાં તેમને બચાવવા એ લોકો આવી પહોંચ્યા.. પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ત્રણેયના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા. છેલ્લે સુધી જીવન મરણનો સંઘર્ષ કરી બે બાળકોને બચાવવા જતાં પાયલે પોતાના પ્રાણ ગુમાવ્યાનું તેમના મૃતદેહોને નજરે જોનારાઓએ કહ્યું ત્યારે સૌની આંખોમાં આંસુ આવી ગયા.

આ બહાદુર દિકરીની વાત સમગ્ર પ્રદેશમાં ફેલાઈ ગઈ.

ભારતીય રાષ્ટ્રીય બાલ કલ્યાણ સંઘ નવી દિલ્હીને તેની જાણ થતાં પાયલ દેવીને મરણોપરાંત રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરાઈ. તેના માતા પિતાએ રાજધાની દિલ્હી ખાતે આવી ૨૩ મી જાન્યુ.૨૦૧૭ ના રોજ વડાપ્રધાન

નરેન્દ્ર મોદીના હસ્તે દિકરીનો રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર સ્વીકાર્યો ત્યારે સૌના હોઠે એક જ શબ્દ હતા કે દિકરી હોય તો આવી. બહાદુરીપૂર્વક તેણે બે બાળકોને બચાવવા જતાં પોતાના જીવનું બલિદાન આપી દીધું.. આ વાતથી સૌ કોઈ ભાવુક થઈ ગયાં.

**નટવર હેડાઉ**

# દેશમાં ક્રિમીનલ કેસોને નિવારવા માટે સુપ્રિમની લાલ આંખ છતાં કેન્દ્ર સરકાર નિષ્ક્રિય

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

વર્તમાન સંજોગોમાં દેશની મોટા ભાગની અદાલતોમાં કેસોનું ભારણ એટલી હદે વધ્યું છે કે અમુક કૈદીઓની નક્કી કરવામાં આવેલી સજાની મુદત પુરી થઈ હોવા છતાં તેઓ જેલમાં સબડી રહ્યા છે. સરકારે આ બાબતે માનવીય અભિગમ અપનાવવો જોઈએ. જેલની જીંદગી અને બહારની જીંદગીમાં જે તફાવત હોય છે તે બહાર આઝાદીથી હરતા ફરતા લોકોને ખ્યાલ નહીં આવે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ અમેરીકા, લંડન અને ન્યુયોર્કની જેલોમાં પણ આજ સ્થિતિ સર્જાઈ છે. અમેરીકાની એક જેલમાં ૧૮૦૦ થી વધુ કૈદીઓનો સમાવેશ થવો મુશ્કેલ છે ત્યારે તે જેલમાં ૩૦૦૦ ઉપરાંત કૈદીઓની ભરતી કરવામાં આવી છે. જેલમાં કૈદીઓને સુવાની જગ્યા ન મળતાં બેઠા બેઠા રાત્રી પસા કરે છે. ભારતમાં પણ ગમે ત્યારે આવી સ્થિતિનું નિર્માણ થયા વિના રહેશે નહીં.

દરમ્યાન હમણાં સુપ્રિમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યો પરના કેસો ઝડપથી ચલાવવા સરકારને ટકોર કરી છે. સુપ્રીમ કોર્ટે ગત ગુરૂવારે ભાજપના નેતા અશ્વની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી જાહેર હીતની અરજીની સુનાવણી કરતાં જણાવેલ કે, શા માટે સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની સુનાવણી ઝડપથી કરવામાં આવતી નથી ? સાંસદો અને ધારાસભ્યોને સંડોવતા કેસોની સુનાવણી છ મહીનામાં પુરી થવી જ જોઈએ.અશ્વની ઉપાધ્યાયે તેમની અરજીમાં દોષિત ઠરેલા રાજકીય નેતાઓ પર આજીવન પ્રતિબંધની માંગ કરી છે. જાહેર હીતની અરજીમાં બંધારણના આર્ટિકલ ૧૪ ના સંદર્ભે સરકારી કર્મચારી, જનતાના પ્રતિનિધિ અને ન્યાયતંત્રના સભ્યો માટે હિતોના ટકરાવ અંગે સમાન નીતિ ઘડવા અને હિતોના ટકરાવને ગુનાઈત ગેરરીતિ જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.

હાલ દોષિત ઠરેલ રાજકીય નેતાઓ ચૂંટણી લડવા પર ૬ વર્ષના

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**સાંસદો અને ધારાસભ્યો પરના કેસોનો નિકાલ કયારે ?**

# હજારો વરસોથી પહેરવામાં આવે છે 'તાવીજ'

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

બીમારી, ખરાબ નજર, બુરી આત્મા અથવા તો કોઈ દ્વારા કરવામાં આવેલ જાદુ ટોણાંને દુર ભગાડવાને માટે લોકો તાવીજ અથવા યંત્ર ગળામાં પહેરી લે છે અથવા હાથના ઉપરના ભાગમાં બાંધે છે. આ તાવીજની અંદર કોઈ સાધુ અથવા ફકીર દ્વારા આપવામાં આવેલ ભભુત, ફુલની પાંદડીઓ, કોઈ જાનવરની ચામડી, વાળ કે પછી નખ વગેરે હોય છે.જેથી એના પ્રભાવે વ્યક્તિ પર કોઈ ન કોઈ પ્રકારે ખરાબ નજર કે જાદુટોના સામે રક્ષણ આપે છે.

તાવીજ પહેરવાવાળાઓનું માનવું છે કે એના કારણે બીમારી અથવા બુરી આત્માને એમની નજીક આવવા દેતી નથી. હા તાવીજનો પ્રભાવ જરૂર એની કિસ્મત ચમકાવી દેશે. જો તાવીજ પહેરવાના ઈતિહાસ પર નજર નાખીએ તો આપણને જાણ થશે કે પ્રાગેતિહાસિક કાળથી જ માનવી કોઈને કોઈ રૂપમાં તાવીજ ધારણ કરતો આવ્યો છે. એ સમય એવો હતો જ્યારે ભગવાન શબ્દથી માનવ પરીચિત નહોતો. હા ! સૂર્યની રોશનીથી લઈને વિજળી ચમકવા સુધીની ઘટના એને એક ચમત્કાર અથવા જાદુ લાગતી હતી. તે આ જાદુથી ખુબ જ ડરતો હતો અને ઈચ્છતો હતો કે કોઈપણ પ્રકારે તે આ જાદુના ખરાબ પ્રભાવથી બચી રહે. તે સમયે માનવી માત્ર પોતાના માટે જ નહીં પણ પોતાની પત્ની, બાળકો અને આખા સમાજને કોઈપણ પ્રકારના ખરાબ પ્રભાવથી બચાવવાના ઉપાયો માટે પ્રયત્નો કરતા હતા.

જયારે માનવી ભગવાન શબ્દથી પરિભાષિત થયો ત્યારે એણે પ્રકૃતિના દરેક કરિશ્માને ભગવાને તે ઘટના કરી છે તેવું માનવા લાગ્યો. અર્થાત કોઈની ખરાબ નજરના પ્રભાવથી ખુદને બચાવવાને માટે ગળામાં પહેરવા લાગ્યો. અને એક વાત એ હતી કે તે સમયમાં તાવીજનો આજના સમયમાં જે ચોક્કસ આકાર જોવા મળે છે તે નહોતો. કોઈપણ રંગના પથ્થરનો ટુકડો, બીજ, મુળ, ફળ વગેરેને પોતાની પાસે એવું વિચારીને રાખતો હતો કે એના કારણે તે સ્વયંને તથા પરિવારના અન્ય સદસ્યોને સુરક્ષા પ્રદાન કરશે. એ સમયે માનવી તાવીજને ગળામાં કે હાથ પર બાંધતો નહોતો પરંતુ ચામડામાંથી બનેલ વસ્ત્રોમાં મુકી દેતો અને તેને પોતાની ગુફામાં મુકી દેતો. જે સમયે મનુષ્ય બીજ અથવા રંગીન પથ્થરને લાંબી ઘાસમાં પરોવીને ગળામાં બાંધ્યું હશે એ જ સમયથી તાવીજને શરીર પર બાંધવાની શરૂઆત થઈ હશે.

અંગ્રેજીમાં તાવીજને

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# રાધનપુરના કોલાપુરમાં જોગણીમાંનો હવન યોજાયો



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના કોલાપુર ગામે જોગણી માતાજીના મંદિરે આઠમા નોરતે જાગરણ બાદ નવમા નોરતે ધજારોહણનો બોલાવો બાદ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.ગામના ગોર મહેશભાઈ શાસ્ત્રીએ હવનમાં આહુતિ અપાવી હતી.ગામના ભાવિક રઘુભાઇ રબારીના જણાવ્યા મુજબ છેલ્લા ૧૭ વર્ષથી આ મંદિરમાં હવનનું આયોજન કરવામાં આવે છે.જેમાં ગામના લોકો ઉત્સાહભેર ભાગ લે છે.આ મંદિરની વરખડી ગામની સ્થાપના થઇ તે પહેલાની હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

# બેચરાજીના અંબાલા ગામે દશેરા નિમિતે લીલુડી માંડવી મહોત્સવ યોજાશે

ચાણસ્મા

બેચરાજી તાલુકાના અંબાલા ગામે આસો સુદ દશેરાના રોજ લીલુડી માંડવી મહોત્સવ આજે યોજાનાર છે. જેમાં લીલા જારામાંથી બનાવેલી કલાત્મક માંડવીમાં ઝગમગતા દીવડાં પ્રગટાવીને શક્તિ માતાજીની આરાધના કરવામાં આવશે. જેનાં વહેલી સવારે વાજતે ગાજતે વધામણાં કરવામાં આવે છે. આ દિવ્ય મહોત્સવમાં ભાગ લેવા અંબાલા સહિત આસપાસની ગ્રામ્ય જનતા ઉમંગભેર ઉમટી પડે છે.

ચુંવાળ પંથકના બહુચરાજીથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલા અંબાલા ગામે વર્ષો જૂની પરંપરા મુજબ આસો સુદ દશમના રોજ લીલુડી માંડવી કાઢવામાં આવે છે. શક્તિ માતાજીના સ્થાનકે હર્ષોલ્લાસપૂર્વક ઉજવાતા આ મહોત્સવમાં પાટીદાર, ઠાકોર સહિત અઢારેય વર્ણના લોકો ભાગ લે છે. ગામના યુવા અગ્રણી એડવોકેટ રસિકભાઈ પટેલે લીલુડી માંડવી અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અંબાલા ગામે સદીઓથી શક્તિ માતાજીની લીલુડી માંડવી નીકળે છે. જેમાં ગુજાળિયા શાખના પાટીદાર સમાજના પરિવારમાં પ્રથમ પુત્ર પ્રસવ સમયે હરખઘેલા બનેલા પરિવારજનો દ્વારા મૈયાને માંડવી સાદર કરવામાં આવે છે. લીલુડી માંડવી લીલાં જારામાંથી બનાવવામાં આવે છે. જેમાં કાચાં કોડીયાં મુકવામાં આવે છે, તેમાં ઘીના દીવડાં પ્રગટાવવામાં આવે છે અને આ માંડવી જે-તે પરિવારની મહિલાઓ દ્વારા માથે ગ્રહી ગરબા રમવામાં આવે છે. વહેલી સવારે માંડવીનાં વાજતે ગાજતે વધામણાં કરવામાં આવે છે. આ માંડવીમાં દીવામાં પુરવામાં આવતું ઘી કપડાં ઉપર ઢળાય તો પણ તેના ડાઘ પડતા નથી. જે મૈયા પ્રતિ શ્રધ્ધા વ્યક્ત કરે છે. આ મહોત્સવમાં અંબાલા ગામના રહેવાસીઓ અચૂક પધારે છે.

# ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજે નાગપુરમાં જંગ

નાગપુર

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ વનડે મેચોની શ્રેણીની પાંચમી અને અંતિમ વનડે મેચ આવતીકાલે નાગપુરમાં રમાનાર છે. ભારત વર્તમાન શ્રેણીમાં ૩-૧ની લીડ ધરાવે છે અને વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ શ્રેણી ૪-૧થી જીતી જવા માટે તૈયાર છે. બીજી બાજુ બેંગલોર ખાતે રમાયેલી ચોથી મેચમાં જીત મેળવી લીધા બાદ પ્રવાસી ઓસ્ટ્રેલિયાની ટીમ વધુ એક મેચ જીતીને ટ્વેન્ટી શ્રેણી પહેલા આત્મવિશ્વાસ હાંસલ કરવા માટે ઈચ્છુક છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયા તેની છાપને અને લાજને જાળવી રાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. ઓસ્ટ્રેલિયાએ શ્રેણી ગુમાવી દીધી હોવા છતાં બે શક્તિશાળી ટીમો આમને સામને હોવાથી બન્ને ટીમોની એકબીજાની સામે અગ્નિપરીક્ષા થનાર છે. બન્ને ટીમોમાં એકથી એક સ્ટાર ખેલાડી હોવાથી ક્રિકેટ ચાહકોને આ શ્રેણીમાં જોરદાર જગ જોવા મળે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. જો કે પ્રથમ ત્રણ મેચમાં ઓસ્ટ્રેલિયાના તમામ ધરખમ ખેલાડી અને ભારતના સ્ટાર ખેલાડી પણ પોતાની ક્ષમતા સાથે રમી શક્યા નથી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે હાલમાં જ શ્રીલંકામાં તેની જ જમીન પર તેની સામે વનડે શ્રેણી૫-૦થી જીતી લીધી હતી. જેથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ વધુ ઉંચા નૈતિક જુસ્સા સાથે ઘરઆંગણેની વનડે શ્રેણીમા મેદાનમાં ઉતનાર છે. આવતીકાલની મેચમાં બન્ને ટીમો એકબીજાને પછડાટ આપવા માટે પોત પોતાની વ્યુહરચાન તૈયાર કરી ચુકી છે. તમામ ચાહકોની નજર વિરાટ કોહલી, રોહિત શર્મા, મહેન્દ્રસિંહ ધોનીકેએલ રાહુલ પર કેન્દ્રિત રહેશે. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ સ્ટીવ સ્મિથના નેતૃત્વમાં મેદાનમાં ઉતરનાર છે. ટીમમાં ડવિડ વોર્નર અને ગ્લેન મેક્સવેલ જેવા મેચ વિનર સ્ટાર ખેલાડી છે.

# લોકપ્રિય અભિનેતા , લેખક ટોમ ઓલ્ટરનુ થયેલુ નિધન

મુંબઇ

લોકપ્રિય અભિનેતા, લેખક અને પદ્મશ્રીથી સન્માનિત થઇ ચુકેલા ટોમ ઓલ્ટરનુ ૬૭ વર્ષની વયે અવસાન થયુ છે. તેઓ સ્ટેજ ફોર સ્કીન કેન્સરના કારણે ગ્રસ્ત હતા. ઓલ્ટરે ૩૦૦થી પણ વધારે ફિલ્મોમાં યાદગાર ભૂમિકા અદા કરી હતી. આ ઉપરાંત અનેક ટીવી શોમાં પણ યાદગાર ભૂમિકા અદા કરી હતી. જેમાં ખુબ લોકપ્રિય શો ગૈગસ્ટર કેશવ કાલસીનો સમાવેશ થાય છે. ૮૦ અને ૯૦ના દશકમાં તેઓ ખેલ પત્રકાર તરીકે રહ્યા હતા. તેમના પરિવાર તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે દુખની સાથે અમે ટોમ ઓલ્ટરના અવસાનની જાહેરાત કરી રહ્યા છીએ.

# વડાલી તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીની ઓનલાઈન વેબ સાઈટ ખુલ્લી મુકાઈ



પ્રતિ. વડાલી

સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ ઓનલાઈન વેબસાઈડ પ્રાઈમરી શિક્ષકની સરાફી મંડળીની વેબસાઈડ તાલુકા શિક્ષણ અધિકારી કપિલભાઈ પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવી. મંડળીના સભ્યો દ્વારા એક સરાહનીય કાર્ય થયુ હોવાનું જણાવ્યુ હતું. મંડળીના સભ્યો જયારે પણ હિસાબ કિતાબ તપાસવા માગતા હોય તો તેવોને મંડળીમાં નહી પરંતુ પોતાના મોબાઈલમાં વેબસાઈડ ખોલી હિસાબો તપાસી શકે અને સમયનો બચાવ કરી શિક્ષણમાં પરોવાયેલા રહે તે હેતુથી મંડળીના ચેરમેન કિરીટભાઈ પ્રજાપતિ, શિક્ષણ સમિતિના પ્રમુખ ગીરીશભાઈ બારોટ તથા સેક્રેટરી દ્વારા ગત રોજ મંડળીના તમામ સભ્યોની હાજરીમાં પ્રાઈમરી શિક્ષક મંડળીની વેબ સાઈડ ખુલ્લી મુકવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શિક્ષક ગૌતમભાઈ ભટ્ટ, પ્રવિણસિંહ સિસોદીયા, પટેલ કનુભાઈ, પટેલ ડાહ્યાભાઈ હાજર રહી આ વેબસાઈડ ખુલ્લી મુકતા મંડળીના વહીવટ કરતા સભ્યોને બીરદાવ્યા હતા. તથા આ પ્રસંગે શિક્ષકોને મુમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તથા જે શિક્ષકોના બાળકો મેડીકલક્ષેત્રમાં પ્રવેશ મળ્યો છે. તેવા શિક્ષકો તથા બાળકોનું બહુમાન કપિલભાઈ પટેલ, ગીરીશ ભાઈ પટેલ, ગૌતમ ભાઈ, પ્રવિણસિંહ સિસોદીયા અને હાજર શિક્ષ-કગણ તથા મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

# રાધનપુરમાં નવરાત્રીની છેલ્લી રાતે ખેલૈયા મનમુકીને ગરબે ઘૂમ્યા



કમલ ચક્રવર્તી



રાધનપુર શહેરમાં નવરાત્રીની છેલ્લી રાતે ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘૂમ્યા હતા,શહરેના રામદેવ ટાઉનશીપ,અંબિકાનગર,વિનાયકનગર,શેરબાગ, ગ્રીનપાર્ક, મસાલી રોડની સોસાયટીઓ, લાલબાગ, પોલીસલાઈન,પરાવિસ્તાર,નર્મદા કોલોની સહીત તમામ વિસ્તારોમાં ખેલૈયા મોડીરાત સુધી ગરબે ઘૂમ્યા હતા, જયારે જલારામ પાર્ટી પ્લોટમાં શ્રી જલારામ નવરાત્રી મહોત્સવમાં પણ ખેલૈયા મનમુકીને ગરબે ઘૂમ્યા હતા.

# રાધનપુર નગરપાલિકાનું નવું સીમાંકન રદ કરવા ચૂંટણી આયોગને રજુઆત

## પાલિકાના કુલ નવ વૉર્ડમાંથી સાત વોર્ડ કરાયા, ૨૮ બેઠકો

રાધનપુર

રાધનપુર નગરપાલિકાની આગામી ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા શહેરોના વોર્ડ અને બેઠકો અંગેનો પ્રાથમિક આદેશ કરવામાં આવ્યો છે, જેમાં કુલ નવ વોર્ડમાંથી સાત વોર્ડ કરી નાખવામાં આવ્યા છે, જયારે ૨૭ બેઠકોની જગ્યાએ ૨૮ બેઠકો કરવામાં આવી છે,જેમાં ૨૨ બેઠકો સામાન્ય,૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે,૧ બેઠક અનુસૂચિત જનજાતિ માટે તેમજ ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવામાં આવી છે.૨૮ માંથી પચાસ ટકા બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે.દરેક વોર્ડની રચના સરેરાશ ૫૬૫૧ ની વસ્તી પ્રમાણે કરવામાં આવી છે,શહેરની સને-૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી ૩૯૫૫૮ છે, જો કે પાલિકાના વિરોધપક્ષના નેતા રમેશભાઈ ગોકલાણી દ્વારા રાજયના ચૂંટણી આયોગના સચિવને રજુઆત કરીને આ નવું સીમાંકન રદ કરવા માંગણી કરવામાં આવી છે,જેમાં વોર્ડવાઇસ લોકોના સેન્સ લેવામાં આવ્યા ના હોવાનું જણાવી પાલિકા છેલ્લા ૧૫ વર્ષથી સત્તાપક્ષના તાબામાં હોવાથી સીમાંકન તેઓની મરજી મુજબ મનસ્વી રીતે ચૂંટાયેલા પદાધિકારીઓને વ્યક્તિગત લાભ થાય તે હેતુથી કરેલ છે તેવી રજુઆત કરવામાં આવી છે, જો ટૂંકા ગાળામાં સંતોષકારક જવાબ નહિ મળે તો નાછૂટકે હાઈકોર્ટનો આશરો લેવાની ફરજ પડશે તેવી પણ ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે. ચૂંટણી આયોગને કરેલી રજુઆતમાં ભારતના સંવિધા નના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગર પાલિકા અધિનિયમનમાં નગરપા લિકા ઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે તેવી જોગવાઈ થયેલી છે, અને સરકારે કરેલા નિયમાનુસાર અધિનિય મનની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી અયોગ્ય દ્વારા હાથ ધરવામાં આવેલ છે,જે જોગવાઈઓ અને નિયમોનું ઉલ્લઘન કરીને રાધનપુર શહેરના તમામ વોર્ડનું

સીમાંકન ખોટી રીતે દર્શાવેલ હોઈ અને મનસ્વી રીતે આ સીમાંકન આયોગ સમક્ષ રજુ કરીને રાજકીય લાભ ખાટવા માટે આ સીમાંકન બદલવામાં આવેલ છે. વોટબેન્કને ધ્યાનમાં રાખીને સીમાંકન કરવામાં આવેલ છે,પારદર્શી રીતે સીમાંકન કરવામાં આવેલ નથી, જેથી સીમાંકન રદ થવાને પાત્ર છે.તો ફરીથી રાધનપુરની જનતાને વિશ્વાસમાં લઈને ફેરફાર કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

### કઈ બેઠકો અનામત રખાઈ છે

**શહેરમાં કુલ સાત વોર્ડ રાખવામાં આવ્યા છે, જેમાં વોર્ડ નંબર ૫ માં અનુસૂચિત જાતિ અને વોર્ડ નંબર ૪ માં અનુસૂચિત જાતિ સ્ત્રી અનામત,વોર્ડ નંબર ૭ માં અનુસૂચિત આદિજાતિ માટે અનામત,વોર્ડ નંબર ૧ અને ૪ માં પછાતવર્ગ પુરુષ અને ૫ માં પછાતવર્ગ સ્ત્રી અનામત બેઠક છે.**

# પાટણમાં શિવકૃપા સોસાયટી રોડ પર બાઈક સ્લીપ થઈ જતાં ત્રણને ઈજા

પાટણ

પાટણ-ડીસા રોડ પર આવેલ શિવકૃપા સોસાયટીના ઢાળવાળા રસ્તા પર શુક્રવારે રાત્રે બાઈક સ્લીપ થઈ જતાં ત્રણ જણાને ઈજા પહોંચી હતી. સદર રોડ વર્ષોથી ઢાળ પડતો હોવાથી આંતરે દિવસે અકસ્માતના બનાવો બન્યા વિના રહેતા નથી.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણ-ડીસા રોડ પર આર.એમ.પેટ્રોલ પંપ પાસે આવેલી શિવકૃપા સોસાયટીમાં જવા માટે રોડ ટચ ઢાળ પડતો રોડ હોવાથી રાત્રે દ્વિ-ચક્રી વાહનો સ્લીપ થઈ જતાં હોય છે ત્યારે ગત શુક્રવારે રાત્રે મોહનભાઈ સુથાર તેમના ત્રણ કારીગરોને બાઈક પાછળ બેસાડીને સોસાયટીમાં કામ કાજ અંગે જતા હતા ત્યારે બાઈક સ્લીપ થઈ જતાં ચારે જણ નીચે રોડ પર પટકાતાં સામાન્ય ઈજા થઈ હતી.

# પાટણ નજીક પારેવીયા વિર મંદિર પાસે નવરાત્રિ પલ્લીની થયેલી ઉજવણી

પાટણ

પાટણ પારેવીયા વિર મંદિર ખાતે પારેવીયા વિરદાદાની નવરાત્રિની પલ્લીની ઉજવણી કરવામાં આવી હતી. આસો સુદ-૫ ના દિવસે સમસ્ત મહેમદપુર ગ્રામજનો દ્વારા કેશણીયા પરિવાર હરિભાઈ રામચંદદાસ પટેલના નિવાસ સ્થાનેથી છેલ્લા ૫૦૦ વર્ષથી આ પલ્લી ભરાય છે તેવું કાનજીભાઈ પટેલ ટ્રસ્ટીનું કહેવું છે.સમગ્ર ગ્રામજનો આ પલ્લીને વાજતે-ગાજતે ઢોલ, મસાલ સાથે ચાલીને મેમદપુરથી પારેવિયા વિર મંદિર ખાતે આવી દાદાના ચરણોમાં આ પલ્લી અર્પણ કરે છે અને પ્રસાદ(નૈવેધ)બધા ભક્તોને આપે છે. ભક્તો આસો સુદ-પાંચમના પારેવિયા વિર દાદાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# ઊંઝા પાસે રાજધાની ટ્રેનના એન્જીનમાં ખામી સર્જાતા મુસાફરો ત્રાહીમામ

ઊંઝા

નવી દિલ્હીથી અમદાવાદ જતી રાજધાની એક્સપ્રેસ રેલવે ટ્રેનનું એન્જીન બગડતા ઊંઝા રેલવે સ્ટેશન પર બે કલાક જેટલો સમય ટ્રેક પર ટ્રેઈન સ્થગિત થઈ જતાં મુસાફર જનતા ત્રાસી ઉઠી હતી.

ઊંઝા પાસે ગત ગુરૂવારના રોજ સવારે નવી દિલ્હીથી અમદાવાદ જતી ૧૨૯૫૭ નંબરની રાજધાની એક્સપ્રેસ ઊંઝા- કામલી ગામ વચ્ચે ટ્રેક ઉપર આવતાં રેલવેના એન્જીનમાં કોઈ ટેકનીકલ ખરાબી થતાં ટ્રેન બે કલાક સુધી થંભી જવા પામી હતી. બાદમાં સિધ્ધપુરથી અન્ય ટ્રેનનું એન્જીન મંગાવી રાજધાની સાથે જોડ્યા બાદ ટ્રેન રવાના થઈ હતી. જો કે બે કલાક સુધી ટ્રેન રવાના થઈ નહતી. જો કે બે કલાક સુધી ટ્રેન ખોરવાતા મુસાફરો હેરાન-પરેશાન થયા હતા.

# પાટણમાં નવરાત્રી આઠમે ઠેરઠેર હવન યોજાયા

પાટણ

પાટણમાં નવરાત્રી પર્વની ધામધુમથી ઉજવણી થયા બાદ ગત ગુરૂવારે આઠમના દિવસે અંબાજી મંદિર સહિત શહેરના નવરાત્રીના સ્થાનકે હવન (યજ્ઞ) કાર્યક્રમમાં દર્શના ર્થીઓએ દર્શનનો લાભ લીધો હતો. નવરાત્રીની આઠમના દિવસનું મહત્વ હોય છે. જેથી પાટણ શહેરના જુના અંબાજી મંદિર, સિધ્ધનાથ મહાદેવ મંદિર, પાતાળેશ્વર મહાદેવ તેમજ હિંગળાચાચર ચોકમાં હવન યોજાયો હતો. સવારે હવન શરૂ થતાં સાંજે તેની પૂર્ણાહુતિ થઈ હતી. હવનના આયોજનમાં સ્થાનિક મંડળ દ્વારા ભારે પરિશ્રમ ઉઠાવવામાં આવ્યો હતો. શહેરના બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચારથી હવનનો પ્રારંભ થયો હતો. હવનમાં વપરાતા જળ-તલ અને ઘીના ધુમાડાથી વાતાવરણ પવિત્ર થાય છે અને જીવજંતુ રહેતા નથી. શહેરના પુરાણા એવા સિધ્ધનાથ મહાદેવ, જાળેશ્વર મહાદેવ પરિસરમાં હવન કાર્યક્રમ દિવસભર ચાલ્યો હતો. દર્શનાર્થીઓની ભીડ પણ રહેવા પામી હતી. કાળકા મંદિરમાં મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.

# પાટણ ટીબી ત્રણ રસ્તા પર લારી ગલ્લાના દબાણોથી ભારે વાહન ચાલકો પરેશાન

પાટણ

પાટણમાં ટી.બી. ત્રણ રસ્તાથી એમ.કે. એજ્યુકેશન કોલેજ સુધીના માર્ગની બંને સાઈડો પર લારી ગલ્લાના વધેલા દબાણોના કારણે એસ.ટી. ચાલકો અને ટ્રકવાળાઓને પસાર થવું ક્યારેક મુશ્કેલ પડે છે. છેલ્લા બે -ચાર વર્ષથી આ મુખ્ય માર્ગ પર ભાડેથી ફરતા પેસેન્જર વાહનો પણ તેના ચાલકો રસ્તા વચ્ચે વાહનો ઉભા રાખી પેસેન્જર ભરતા હોય છે. આમ તો ત્રણ રસ્તા વચ્ચે સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસની અવરજવર જારી હોવા છતાં લારી ગલ્લાના દબાણો તેમની નજરે પડતાં નહિં હોય? ટી.બી. ત્રણ રસ્તાના નાકે મોટા ભાગે શાળા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો વધુ પ્રમાણમાં ઉભા હોય છે. ત્યારે પાટણથી ડીસા જતી લોકલ બસોમાં ક્યારેક ઉભા રહેવાની પણ જગ્યા હોતી નથી. તેમાંય પરિવાર સાથે આવતા લોકોને બસમાં ચડવા કે તેમાં બેસવા બાબતે ભારે પરેશાન થવું પડતું હોય છે. પાટણથી સાંજે આશરે સાત વાગે ઉપડતી ઈન્ટરસીટી લોકલ નોનસ્ટોપ બસ કંડક્ટર વિનાની હોય છે. તેના કારણે બસના ડ્રાયવરને બસને રસ્તામાં ઉભી રાખી ટીકીટો ફાડવામાં વીસથી પચ્ચીસ મીનીટ લાગે છે. આમ સાત વાગ્યા પછી રાત્રે આઠ વાગ્યાની અન્ય એક લોકલ બસ ચાલુ કરવામાં આવે તો મસાફર જનતાને રાહત થઈ શકે.

# રાધનપુરમાં શક્તિ પૂજન

રાધનપુર

રાધનપુરમાં મસાલી રોડ ઉપર આવેલી શિવશક્તિ સોસાયટીમાં ધર્મપ્રેમીઓ દ્વારા નવરાત્રીના નવમા નોરતે ગોતરકા બ્રહ્મચારી આશ્રમના મહંત પૂજ્ય નિજાનંદ બાપુની પવિત્ર નિશ્રામાં માં જગદંબાના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, આ પ્રસંગે ગાયત્રી મંદિરથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતા,અને શ્રીરામ, જય અંબે અને ગૌમાતાની જયના ગગનભેદી નારા સાથે બાઈક રેલી પણ યોજવામાં આવી હતી,જે આશાપુરા માતાજીના મંદિરે પહોંચી હતી, જયાં પૂજ્ય નિજાનંદ બાપુનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ આશા પુરા માતાજીના મંદિરેથી શોભા યાત્રા શિવશક્તિ સોસાયટી ખાતે પહોંચી હતી, જ્યાં બાપુ દ્વારા શક્તિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય બાપુ સાથે પધારેલ મહેમાનો ભરતભાઈ રાજગોર, પ્રકાશભાઈ દક્ષિણી,ડો.વિષ્ણુ ઝૂલા, લવિંગજી ઠાકોર, લક્ષ્મણભાઈ આહીર, હરેશભાઈ શાસ્ત્રી સહિતનું સ્વાગત કરવામાં આવ્યું હતું.પૂજ્ય નિજાનંદ બાપુએ પોતાની દિવ્ય વાણીમાં શક્તિની ભક્તિના મહિમાનું સવિસ્તાર આગવી છટામાં વર્ણન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કનુભાઈ જોશી, લાભુદાન ભાઈ ગઢવી, દશરથભાઈ જોશી, અશ્વિન ભાઈ ચંડી, શૈલેષભાઇ મારાજ સહિતે જહેમત ઉઠાવી હતી.

# પડતર પ્રશ્નોનો નિર્ણય નહી આવતાં ત્રીજા દિવસે ૧૦૮ના કર્મીઓની હડતાળ

મહેસાણા

પડતર માગણીઓના મુદ્દે ૩ દિવસથી ભૂખ હડતાળ પર ઉતરેલા ૧૦૮ના કર્મચા રીઓએ જ્યાં સુધી માગણીઓ નહી સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો હુંકાર કર્યો છે, ૧૦૮ના સંચાલક દ્વારા સમાધાનના કોઇ જ પ્રયાસ કરાયા નથી. જીવીકીના કર્મચારીઓએ પડતર પ્રશ્નોને લઈને અગાઉ હડતાળ પાડી હતી. જેમાં સરકાર મધ્યસ્થી બની તમામ પડતર માગણીઓના નિરાકરણની બાહેધરી આપી હતી.

પરંતુ લાંબો સમય થવા છતા કોઇ નિર્ણય ન લેવાતાં મહેસાણા જિલ્લાના ૩૦થી વધુ ૧૦૮ના કર્મચારીઓએ ભૂખ હડતાળનો માર્ગ અપનાવ્યો છે. ભૂખ હડતાળનો ગુરૂવારે ત્રીજો દિવસ હોવા છતા ૧૦૮ના સંચાલકો દ્વારા સમાધાનનો કોઇ જ માર્ગ ન અપનાવતા તર્કવિતર્કો સર્જાયા છે.૧૦૮ના પાયલોટ દિનેશ રબારીએ કહ્યું કે, સરકારની મધ્યસ્થી અગાઉ કરેલુ આંદોલન સમેટાયુ હતુ પરંતુ લીધેલા નિર્ણયોનું અમલીકરણ ના થતા ફરી ભૂખ હડતાળનો માર્ગ અપનાવવો પડ્યો છે.જ્યા સુધી નિર્ણય નહી આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

# શેરપુરા ગામે યુવતિ સાથે ફોન પર વાત કરવાની અદાવતમાં જીવલેણ હુમલો

પાટણ

પાટણ તાલુકાના શેરપુરા ગામે રહેતા ઠાકોર ભરતજી ગંભીરજીના ભાઈ પ્રકાશજી તેમના ઘરની પાસે રહેતી યુવતી સાથે ફોન પર વાત કરતા હતા, તેની અદાવત રાખી શેરપુરા ગામેજ રહેતા ઠાકોર વિષ્ણુજી લદસીંગજી, રાજેશજી પાનસંગજી, ઠાકોર આદેશજી ઉદાજી, ઠાકોર ભરતજી ભુપતજી, ઠાકોર ઉદાજી લદસંગજી, ઠાકોર મહેશજી ગાંડાજી, ઠાકોર સંજયજી તથા બીજા ત્રણ ઈસમો તલવાર, ધારીયું, લાકડી, લોખંડની પાઈપ લઈ આવી ઠાકોર અશોકજીના માથા પર, આંખના ભાગે હુમલો કરતા તેમજ તેઓને છોડાવવા જતાં મહેશજી બાબુજીને લાકડી તેમજ ધારીયાથી માર મારતાં ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. જે અંગેની ફરીયાદ ભરતજી ગંભીરજીએ પાટણ તાલુકા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ઉપરોક્ત ઈસમો વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે બીજી તરફ ઠાકોર સંજયજી ભૂપતજીએ બાલસંગજી નાનકજી ઠાકોર, પ્રકાશજી ગંભીરજી ઠાકોર, ભરતજી ગંભીરજી ઠાકોર તથા અન્ય પાંચ ઈસમો (રહે. રામનગર, તા.પાટણ) તથા શેરપુરાઓ વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી. જેમાં તેમની કાકાની દિકરીને ઉપરોક્ત ઈસમ વારંવાર ફોન કરતો હોઈ તેની અદાવત રાખી ધારીયું, પાઈપ, તલવારથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા પોલીસ ફરીયાદ નોંધાવામાં આવી હતી.